હરિઃૐ



# રાગદ્વેષ

પૂજ્ય શ્રીમોટા

॥ હરિઃૐ ॥

પૂજ્ય શ્રીમોટા
વિરચિત

# રાગદ્વેષ

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, (સ્થાપના વર્ષ ૧૯૫૬)
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪, ૨૭૭૧૦૪૬
Email : hariommota1@gmail.com
Website : www.hariommota.org

© હરિઃૐ આશ્રમ, સુરત - નડિયાદ.



| આવૃત્તિ | વર્ષ | પ્રત | આવૃત્તિ | વર્ષ | પ્રત |
|---|---|---|---|---|---|
| પ્રથમ | ૧૯૭૨ | ૨૫૦૦ | ત્રીજી | ૨૦૦૮ | ૧૦૦૦ |
| બીજી | ૧૯૮૫ | ૧૦૦૦ | ચોથી | ૨૦૧૬ | ૨૦૦૦ |

❑ પૃષ્ઠ : ૩૮ + ૫૫ = ૯૩

❑કિંમત : **રૂ. ૫/-**

❑ **પ્રાપ્તિસ્થાન :**
હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની,** ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની,** મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટૅક્સ, અમદાવાદ-૧૪, મો. : ૯૩૨૭૦૩૬૪૧૪

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

## (ચોથી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાએ અમદાવાદનિવાસી સ્વજન શ્રી જયંતીભાઈ જાનીને કહેલું કે **'પગે લાગે કલ્યાણ નહિ થાય, આશ્રમનું કંઈક કામ કર.'** એ આદેશ અનુસાર ઘેર ઘેર ફરીને દાનભેટની સારી એવી રકમ તેમણે ઉઘરાવીને પૂજ્યશ્રીનાં ચરણોમાં ધરી હતી, તેવા

તેમ જ

પૂજ્ય શ્રીમોટાનો બીજો આદેશ કે **'શરમ ન આવતી હોય તો નામસ્મરણનો જેટલો ચેપ લગાડાય તેટલો લગાડજે.'** એ આદેશ અનુસાર એમણે અમદાવાદ-નરોડા અને હાલમાં છેલ્લાં પંદર વર્ષથી સુરતમાં સ્વજનોને ઘેર ઘેર જઈ, કોઈ કોઈ વખત નિમિત્તયોગે સામે ચાલીને નિમંત્રણ મેળવી 'નામસ્મરણ'નો જે યજ્ઞ પ્રજ્વલિત રાખી રહ્યા છે, એવા શ્રી જયંતીભાઈ જાનીને તેમના આ સત્કાર્ય દરમિયાન કૌટુંબિક જીવનમાં અનેક પ્રકારની સંકડામણો વેઠીને પણ સહકાર આપતાં રહેલાં એવાં તેમનાં ધર્મપત્ની

**સદ્‌ગત ઊર્મિલાબહેન જયંતીભાઈ જાનીને**

પૂજ્ય શ્રીમોટા વિરચિત **'રાગદ્વેષ'**ની આ ચોથી આવૃત્તિનું પ્રકાશન સમર્પણ કરતાં અમો ખૂબ ખૂબ આનંદની લાગણી અનુભવીએ છીએ.

તા. ૧૯-૭-૨૦૧૬ **ટ્રસ્ટીમંડળ,**
ગુરુપૂર્ણિમા **હરિઃૐ આશ્રમ, સુરત.**

॥ હરિ:ૐ ॥

# સમર્પણાંજલિ

## (બીજી આવૃત્તિ)

અનેક વર્ષોથી પૂજ્ય શ્રીમોટા અને હરિ:ૐ આશ્રમ સાથે
નિકટવર્તીપણે સંકળાયેલા રહીને
શરૂશરૂમાં લાગતા વળગતાઓની પાસેથી
આશ્રમ માટે ફાળો મેળવીને
તથા
સ્વ-અધ્યાપન કાર્ય જાળવીને અમદાવાદના આશ્રમનાં
સ્વજનોના જન્મદિને
તેમને ગૃહે શુભ પ્રભાતે પહોંચીને સ્વ-ઊર્મિથી
પૂજ્ય શ્રીમોટાની શુભેચ્છાઓ પાઠવીને
તથા તે બાદ
આશ્રમના મિત્રોના ગૃહે નામસ્મરણ પરત્વેનો
મહિમા ફેલાવતા રહીને
તથા
પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્યની કંઠસ્થ કડીઓ દ્વારા
પૂજ્ય શ્રીમોટાનો સંદેશો પ્રસારી રહ્યા છે
એવા

**શ્રી જયંતીભાઈ જાનીને**

સસ્નેહ સમર્પણ

| | |
|---|---|
| હરિ:ૐ આશ્રમ, | ટ્રસ્ટીમંડળ, |
| નડિયાદ | હરિ:ૐ આશ્રમ, |
| તા. ૨૨-૮-૧૯૮૫ | નડિયાદ |

# રાગદ્વેષમાંથી મુક્તિ !

## (પ્રથમ આવૃત્તિ)

(અનુષ્ટુપ)

મીંડું હોવા છતાં જેના તળિયાને ન અંત છે,
એને તળિયું ના કોઈ, તે સંખ્યાતીત કેમ કે. ૧

તે મીંડામાંથી બી સર્વેનાં છુપાયેલાં ખરેખરાં,
કેવી રીતેથી ત્યાંથી સૌ જન્મે, જણાય કાંઈ ના. ૨

પુરુષશક્તિ મીંડામાં યોગ્યતામાં પરસ્પરે,
નવસર્જન પામે તે બન્ને એક થઈ ખરે. ૩

અર્ધનારીશ્વરી શક્તિ પ્રતીક પરમેશ્વરી,
મીંડામાંથી શી જન્મીને બધે વિસ્તરતી જતી ! ૪

તર્ક દલીલની શક્તિ બુદ્ધિની હોય છે નરી,
લાગતાં સ્પર્શ ભક્તિનો તે બદલાઈ જાય શી ! ૫

રાગદ્વેષ શું સંપૂર્ણ ત્યારે ઓગળી સૌ જતા !
રાગદ્વેષની મુક્તિનો એવો છે ઈતિહાસ આ. ૬

થવાતાં મુક્ત સંપૂર્ણ જીવને રાગદ્વેષથી,
હોય છે તે દશા કેવી યોગ્ય ના લખવું અહીં. ૭

○

॥ હરિઃૐ ॥

# સંપાદકીય

## (પ્રથમ આવૃત્તિ)

તા. ૧-૪-૧૯૭૨ના દિને પૂજ્ય શ્રીમોટા, પ્રા. એ. જી. ભટ્ટ સાહેબને ત્યાં પધાર્યા હતા. સત્સંગ દરમિયાન શ્રીમોટાએ જણાવ્યું, ‘એક શ્રેયાર્થીના પ્રશ્નથી પ્રેરાઈને મેં **‘રાગદ્વેષ’**નાં વિવિધ પાસાંનું નિરૂપણ કરતી પદ્યરચના કરી છે, પરંતુ એ શ્રેયાર્થીભાઈની આર્થિક સ્થિતિ એવી નથી કે છપાવવાની અને વેચવાની જવાબદારી એના શિરે નાખી શકું. જો કોઈ જવાબદારી લે તો છપાવવું છે.’ આ વાત સાંભળી મારા ઉત્સાહી મિત્ર ઇંદુકુમાર તરત જ સળવળ્યા. એમણે મારી સાથે વિચારની આપલે કરી અને પૂજ્યશ્રીને પૂછ્યું, ‘મોટા ! આનો ખર્ચ થોડાક મિત્રો પાસેથી તેમની શક્તિ અનુસાર ફાળો એકત્રિત કરીને કરીએ તો ચાલે ?’ પૂજ્ય શ્રીમોટાએ તરત જ સંમતિ આપી. એટલે મેં અને ઇંદુકુમારે એ રીતે છપાવવાની અને વેચવાની જવાબદારી ઉઠાવવાનું નક્કી કર્યું.

આ પ્રસંગે પૂજ્યશ્રીએ ઉદ્‌ગાર કાઢ્યા, ‘આ કાંતિભાઈ એમના ઘરે બોલાવે તો એવા શાંતિમય એકાંત વાતાવરણમાં **‘રાગદ્વેષ’**નું વાંચન કરીએ.’ મેં સહસા જ એ સૂચન સ્વીકારી લીધું. અંતે તા.૭-૫-૧૯૭૨ના દિને આમંત્રિત સ્વજનો સમક્ષ પૂજ્યશ્રીના સાંનિધ્યમાં એનું પ્રથમ વાંચન મારે ત્યાં થયું.

આ પ્રકાશનના ખર્ચમાં મદદરૂપે અમારાં સ્વજનો જેવા નીચેના મિત્રોએ એમનો હાથ લંબાવી અમને ઉપકૃત કર્યા છે, એ બદલ હરિઃૐ આશ્રમ તરફથી અને અમારા તરફથી અત્યંત આભારની લાગણી વ્યક્ત કર્યા સિવાય રહી શકાતું નથી.

| | | |
|---|---|---|
| ૧. | શ્રી મહેન્દ્ર બળદેવભાઈ પટેલ, ઍન્જિનિયર, યુ.એસ.એ. | ૧૨૫/૦૦ |
| ૨. | શ્રી રમેશભાઈ બળદેવભાઈ પટેલ, આર્કિટેક્ટ, યુ.એસ.એ. | ૧૨૫/૦૦ |
| ૩. | શ્રીમતી રંજનબહેન રમેશભાઈ પટેલ, યુ.એસ.એ. | ૧૨૫/૦૦ |
| ૪. | શ્રી મધુભાઈ મણિલાલ ગાંધી, ગંજબજાર, ઊંઝા | ૧૦૧/૦૦ |
| ૫. | શ્રી શાંતિભાઈ અંબાલાલ પટેલ, સુશા ફાઉન્ડર્સ, સુરત | ૧૦૧/૦૦ |
| ૬. | શ્રી પી. એમ. ત્રિવેદી, નારણપુરા, અમદાવાદ | ૫૧/૦૦ |
| ૭. | શ્રી રામુભાઈ સાકરલાલ દેસાઈ, બાવળા | ૫૧/૦૦ |
| ૮. | શ્રી જિતુભાઈ સાકરલાલ દેસાઈ, બાવળા | ૫૧/૦૦ |
| ૯. | શ્રી પ્રા.એ.જી.ભટ્ટ, એલ.ડી.આર્ટ્સ કૉલેજ, અમદાવાદ | ૫૧/૦૦ |
| ૧૦. | શ્રી પ્રા.ડી.એસ.સેવક, એમ.જી.સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ | ૫૧/૦૦ |
| ૧૧. | શ્રી કાંતિભાઈ પૂંજાલાલ શાહ, હરિજન આશ્રમ, અમદાવાદ | ૫૧/૦૦ |
| ૧૨. | શ્રી ઇંદ્ર વસાવડા, ટાગોર પાર્ક, અમદાવાદ | ૨૫/૦૦ |

આ પુસ્તક પ્રેસમાં ગયા બાદ અમારા સદ્ભાવી મિત્રો શ્રી કાર્તિકેય કે. મહાદેવિયા (કે. કે. મહાદેવિયા ઍન્ડ બ્રધર્સવાળા) તથા શ્રી મધુસૂદન પી. પટેલે (શ્રી મધુસૂદન ટેક્સટાઈલ્સવાળા) અનુક્રમે ૧૦૦૦ અને ૨૫૦ નકલો વધારે કઢાવવાનું સૂચન કર્યું. અમારી આર્થિક મુશ્કેલીને ધ્યાનમાં લઈને એમણે વધારાની નકલો કઢાવવાનો ખર્ચ આપવાનું સહર્ષ સ્વીકાર્યું. આમ, આવા એક ઉત્તમ કાર્ય અને પ્રકાશનને બિરદાવવાના એમનાં પગલાં બદલ હું એ બન્નેનો હરિઃૐ આશ્રમ વતી અને મારા વતી અત્યંત આભાર માનું છું.

પૂજ્ય શ્રીમોટાએ આ પ્રકાશન કરાવવાનું સૌભાગ્ય અમને આપ્યું, એ બદલ અમે ધન્યતા અનુભવીએ છીએ. આના પ્રકાશનમાં નિમિત્ત બનેલાં અને સંકળાયેલાં ભાઈબહેનો સહિત અમે સર્વે જીવનમાં યથાશક્તિ રાગદ્વેષ મોળા પાડવાનું કરી શકીએ તો અમારું કાર્ય સાર્થક થયું ગણાશે.

**- શિલ્પકાર કાંતિ પટેલ**

॥ હરિઃૐ ॥

# લેખકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

શ્રી રમણભાઈ અમીન (એલેમ્બિકવાળા, વડોદરા)ને કાગળ લખવાનું થયું, અને તે માટે શ્રેયાર્થીએ મૂળભૂત કેવી ભૂમિકા પોતાના જીવનમાં પચાવવી જોઈએ, તે લખતાં લખતાં જ દિલમાં સહજમેળે ઊગી ગયું કે, રાગદ્વેષથી સંપૂર્ણ રીતે મુક્ત થયા વિના ભગવાનને અનુભવવા માટેની ભૂમિકા કદી પણ રચાતી નથી.

કાગળની શરૂઆતમાં તો ઈશને મેળવવાની જે ઝંખના અને તે જ્વાળામુખીના જેવી તીવ્રતમ પ્રગટેલી હોય એવા જ જીવની લાયકાત તે બાબતમાં હોય, અને એવી ધગધગતી જિજ્ઞાસા જે જીવમાં પ્રગટે છે, તે જીવનાં વલણ, વૃત્તિ અને દૃષ્ટિ અને તેની અભિમુખતા ચેતના અભિમુખી, જીવંત અને ચેતનાત્મક પ્રગટેલી રહ્યા કરે છે, એ વિશે લખાયું. એવા શ્રેયાર્થીને તે માર્ગ પરત્વેના, પોતાને જે જે અવરોધો જીવનના આરોહણ પરત્વેના પોતાના માર્ગમાં પ્રગટતા હોય તેની ઓળખ તો પડી જવી જ ઘટે. ઓળખ પડી જાય એટલું માત્ર પૂરતું હોતું નથી, પરંતુ તે અવરોધોથી મુક્ત થવાની તેના પોતાના અંતઃકરણમાં તેના અંતરતમ બળની-તેની અંતરની શક્તિની-તેને સભાનતા પણ પ્રચંડપણે જાગી ગયેલી હોવી જોઈશે.

એવા અનેક પ્રકારના અવરોધોની એને જે હૈયાસૂઝ જાગે છે, તેવા શરૂઆતના શ્રેયાર્થીના સાધનાકાળના તબક્કામાં રાગદ્વેષ એના ઊર્ધ્વ આરોહણમાં એને હરાવવા, પાછા પાડવા અજાણમાં ઓચિંતો હુમલો પાડીને, જેની અંતરતમ શક્તિ ઊગતી હોય છે, તેને ડામવા મથતા હોય છે. રાગદ્વેષ તો ધાડપાડુઓ, ડાકુઓ અને લૂંટારા છે. અને એને

મોળા પાડ્યા સિવાય શ્રેયાર્થીની જીવનના ઊર્ધ્વમાર્ગ પરત્વેની વિકાસની ગતિ સાચી રીતે થઈ શકતી નથી. અને તે રાગદ્વેષ જીવનમાં કેટકેટલી રીતે અશાંતિ, ક્લેશ, સંઘર્ષણ પેદા કરે છે અને ચિત્તને વિક્ષિપ્ત કરી નાખે છે, તેનું જીવતુંજાગતું ભાન પ્રેરાવવાને માટે પણ રાગદ્વેષ ઉપર શ્રીપ્રભુકૃપાથી જે લખાયું તેમાં તેનો સ્પષ્ટ ઉલ્લેખ થયો છે. રાગદ્વેષના અનેક સૂક્ષ્મ પ્રકારો અને ભેદો પણ છે. સ્થૂળ અને સૂક્ષ્મ એવા મુખ્ય ભેદ તો ખરા જ. સ્થૂળ ભૂમિકા ઉપર રાગદ્વેષ શ્રેયાર્થીને કેવા અવરોધકર્તા છે અને નડતરરૂપ છે, તે વિશે પણ સારી રીતે વિશ્લેષણ થયું છે. સૂક્ષ્મ ભૂમિકામાં પણ રાગદ્વેષનું સૂક્ષ્મપણું વધારે જોરદાર હોય છે, તેનું પણ વિવરણ થયું છે.

શ્રેયાર્થી તો હંમેશાં સતત મથનાર જીવ છે. જીવનનાં અનેક પાસાંમાં અને ક્ષેત્રોમાં તેનો સતત એકધારો સંગ્રામ ચાલુ જ રહ્યા કરતો હોય છે. દેશ દેશ પરત્વેના સ્થૂળ યુદ્ધનાં ક્ષેત્રના જે મોટામાં મોટા મહારથીઓ અને સેનાપતિઓ હોય તેના કરતાં પણ આ સંગ્રામમાં રાગદ્વેષની સામે ઝઝૂમવાને માટે તેવા શ્રેયાર્થીની બુદ્ધિ-જેની ચેતના પરત્વેની શક્તિ પ્રતિષ્ઠિત થતી જતી હોય છે-વધારે સૂક્ષ્મ અને તેજ થયેલી હોય છે અને સામે આવી પડતા પ્રશ્નોનો ઉકેલ કાઢવા માટે તત્પરતાવાળી જીવંતી હોય છે. શ્રેયાર્થી કદી પણ જીવનમાં સલામત સ્થિતિમાં પડી રહી શકવાનું જાણે જ નહિ. એ તો સતત જીવનની પ્રત્યેક ભૂમિકામાં ઊથલપાથલ થયા કરવાનું જ જાણતો હોય છે અને તે પ્રમાણે કર્યા કરતો હોય છે. એમ કરતાં કરતાં શ્રેયાર્થીને અંતરમાં અંતરથી લાગી જતું હોય છે કે આવા ચોર, ડાકુ, ધાડપાડુને હરાવ્યા વિના કદી પણ આગળ ડગલું ભરી શકાવાનું નથી. એવી એને અંતરમાં અંતરથી પ્રતીતિ થઈ જાય છે. એવી જાગેલી પ્રતીતિનો રણકાર કોઈ ન્યારો છે. એવી પ્રતીતિ છાનીમાની પડી રહી શકતી નથી. રાગદ્વેષ ભલેને ગમે તેવા કપરા હોય અને હરાવવા મુશ્કેલ હોય, છતાં પણ એવી પ્રતીતિ

તેનો પડકાર ઝીલી લે છે. તે પણ કુનેહથી, કળાથી સમજાવીને અને કેટલીય વાર એનો પ્રચંડ સામનો કરીને પણ રાગદ્વેષને હઠાવવાને સદાય શ્રેયાર્થી મર્દાનગીથી, હિંમતથી, શૌર્યથી, ધીરજથી, ખંતથી, ઉદ્યમથી અને ચીવટાઈથી એકધારો સતત મથ્યા જ કરતો હોય છે. રાગદ્વેષનાં અનેક પાસાંઓને તે સમજી લે છે. શ્રેયાર્થી માત્ર રાગદ્વેષને હઠાવવાને મથે છે, એ એનું તાકેલું નિશાન હોતું નથી, પરંતુ એને હઠાવવા કરતાં એને હઠાવવા માટેની જે આંતરિક બળની જરૂર તેને કેળવવાને માટે જ્ઞાનભક્તિપૂર્વક સદાય ભાવનાશીલ, પ્રાર્થનાશીલ, મનનચિંતવનશીલ અને ચેતના પરત્વેની અભિમુખતાને વધારે ને વધારે તેજસ્વી, ખમીરવાળી અને ખુમારીવાળી પોતાના અંતરમાં બેઠી થાય તેવા સાધનના અભ્યાસમાં તે સતત પરોવાયેલો રહે છે. શ્રેયાર્થીને એટલી દિલમાં દિલથી ખાતરી થઈ જાય છે કે જીવનમાંની એવી કોઈ દિવ્ય શક્તિનો ચેતતો રણકાર પૂરતો જાગે નહિ ત્યાં સુધી રાગદ્વેષને હઠાવવા એ લગભગ અશક્ય હકીકત છે. તેથી, એક બાજુથી જીવનની એવી આંતરિક શક્તિનો વિકાસ થયા કરે, તેમ તેમ, તેવી આંતરિક શક્તિનો ઉપયોગ જીવનધ્યેયના હેતુને લક્ષમાં રાખી રાખીને, રાગદ્વેષનાં વલણો ઊઠે ત્યારે, તેવા વલણના સમયમાં આંતરશક્તિના વિકાસ પરત્વેના મનનચિંતનાત્મક અભ્યાસમાં કે પુરુષાર્થમાં વધારે ને વધારે ઓર તેજસ્વિત થઈને, પોતાનામાં હોય એ બધું જ બળ વાપરી વાપરીને, તેનો ઉપયોગ કર્યા કરીને, પેલા રાગદ્વેષનાં વલણોમાં તે ભેરવાઈ પડતો નથી અને એમ કરીને પેલા રાગદ્વેષના વલણને વહી જવા દે છે. તેની સાથે તે કશો સહકાર સાધતો નથી, ભાગ લેતો નથી. અને રાગદ્વેષનાં જે મૂળ કારણો હોય, તે કારણોને નાબૂદ કરી નાખવાને તે હંમેશાં તત્પર રહે છે. રાગદ્વેષ જેના જોર વડે કરીને ટકે છે, એના મૂળને જ તે ઉખેડી નાખવાની હૈયાસૂઝ ધરાવે છે. અને એવી હૈયાસૂઝનો

તે પૂરેપૂરો ઉપયોગ પણ કરે છે. રાગદ્વેષને માત્ર બુદ્ધિના બળથી હરાવી નહિ શકાય, પરંતુ તેની સાથે સાથે ચેતના પરત્વેની શ્રેયાર્થીની જ્ઞાનપૂર્વકની ભક્તિ કેળવાતી જતી હોવી જોઈશે. જીવનની એવી ભક્તિની શક્તિ અપરંપાર છે. ત્યારે જ એવી ભૂમિકામાં જે શ્રેયાર્થીની જીવનની શક્તિ બઢતી જતી હોય છે, તે રાગદ્વેષ પ્રકારના એવા અનેક અવરોધોને નિર્મૂળ કરવાને શક્તિમાન હોય છે. બુદ્ધિમાં ભક્તિ પ્રગટ્યા વિના રાગદ્વેષ કદી પણ નિર્મૂળ થઈ શકતા નથી. એક મિત્રે આ રાગદ્વેષ ઉપર લખતો હતો ત્યારે ખાસ કહ્યું કે 'મોટા, રાગદ્વેષ મોળા પડતા જતા હોય એ કેવી રીતે સમજાય ? અને એનાં લક્ષણો કેવાં કેવાં હોય ? તે વિશે પણ લખો તો સારું.' એટલે તે વિશે પણ થોડુંક વિસ્તારથી લખ્યું છે ખરું. વળી, શ્રી એ. જી. ભટ્ટ સાહેબે મને કહ્યું કે 'મોટા, તમે રાગદ્વેષ ઉપર સારું લખ્યું છે, તો હવે એ મોળા કેવી રીતે પડે, એ વિશે પણ લખો તો સારું.' એટલે એ વિશે પણ ભગવાનની કૃપાથી સારું સ્પષ્ટીકરણ થયું છે.

પ્રતિષ્ઠા પામેલા એવા વિદ્વાનો પાસે એ બધું રાગદ્વેષ અંગેનું લખાણ વાંચી સંભળાવ્યું અને બધાંને તે ગમ્યું. આવા મિત્રોએ જ મને **'રાગદ્વેષ'** વિશે લખવાને પ્રેર્યો.

આ બધું લખાણ એકીસપાટે એકધારું લખાયે ગયું છે. ભાઈશ્રી રમાકાંત જોશી પાસે આ બધું અનુષ્ટુપમાં બોલ્યે જતો અને તે ભાઈ લખ્યે જતા. આ બધી સમજણ શ્રીભગવાનની કૃપાથી અનુભવથી દિલમાં પડેલી તો હતી જ, એને આ રીતે વ્યક્ત થવાનું જે થયું છે એમાં મારે તો મિત્રોનો આભાર માનવાનો જ રહ્યો. ભાઈશ્રી ઇંદુકુમાર અને બીજા મિત્રોએ મને એમાં દિલથી પ્રોત્સાહન આપ્યું છે અને આ બધું છપામણીનું ખર્ચ તથા **'રાગદ્વેષ'** પુસ્તકને વેચી આપવાનું પણ પ્રેમથી સ્વીકાર્યું છે, એ બદલ તેમનો હૃદયથી આભાર માનું એ પૂરતું નથી,

પરંતુ એ મિત્રો આ રાગદ્વેષ પરત્વેનાં લખાણને સમજી રાગદ્વેષને મોળા પાડવાનું સત્કર્મ કરશે, તો જ કંઈક બદલો વાળ્યાનો હૃદયમાં મને સંતોષ થશે.

કોઈ પણ માણસને જ્યારે કંઈ કશું ઘણું ઘણું ખૂંચે, ત્યારે જ તે તેમાંથી મુક્ત થવાને પ્રેરાય છે. તેવી જ રીતે શ્રેયાર્થીના જીવનમાં કાંટાની પેઠે આ રાગદ્વેષ ખૂબ ખૂંચતા અને સાલતા થયા હશે, તો જ તેને મોળા પાડવાનું બની શકશે, નહિતર નહિ.

પૂરેપૂરું વિના ખૂંચ્યા, સાલતું તે થયા વિના,
તેથી મુક્ત થવાવાનું કદાપિ થાય શક્ય ના.

અંતમાં જે મિત્રોએ મને આ **'રાગદ્વેષ'** ઉપર લખવા પ્રેર્યો અને તે લખવાથી કરી મને જે સંતોષ થયો છે, એને શ્રીભગવાનની કૃપા અનુભવું છું.

**-મોટા**

॥ હરિઃૐ ॥

# અર્ચના

## (પહેલી આવૃત્તિ)

મારા જેવા અલ્પજ્ઞે પૂજ્ય શ્રીમોટાના પુસ્તકમાં પ્રસ્તાવનારૂપે કંઈ લખવાની જે અનધિકાર ચેષ્ટા કરી છે, તે ધૃષ્ટતા નહિ તો બીજું શું છે ? પરંતુ એવી ધૃષ્ટતા મારી વ્યક્તિગત મર્યાદા અને અજ્ઞાનના ભાન સહિત કરી છે, અને એની પાછળ પૂજ્ય શ્રીમોટાની વાત્સલ્યમયી આજ્ઞા પાળવાની મારી સહજ વૃત્તિ જ કામ કરી ગઈ છે. આથી, આ લખતાં હું આજ્ઞાપાલન કરી રહ્યો હોઉં એવો ભાવ અનુભવું છું.

**અધ્યાત્મ અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ**

યૌવનના પ્રાંગણમાં પ્રવેશવાની સાથે જ જીવન પ્રત્યે વૈજ્ઞાનિક વલણ રહ્યા કર્યું છે. એટલે સ્વાભાવિક રીતે જ અધ્યાત્મવિદ્યા પ્રત્યે પણ એ જ દૃષ્ટિકોણ રહે છે. આધુનિક ભૌતિક વિજ્ઞાનનાં સંશોધનો અને પરામનોવિજ્ઞાન (Parapsychology)ના ઇંદ્રિયાતીત અનુભવો (Extra Sensuous Perceptions)નાં સંશોધનો દ્વારા વિજ્ઞાન અને અધ્યાત્મનો કહેવાતો વિરોધ ભૂંસાવા માંડ્યો છે. અને માનવી એ માત્ર ભૌતિક વસ્તુઓની નીપજ નથી એ સત્ય સ્ફુટ થઈ રહ્યું છે. આઈન્સ્ટાઈન જેવા સમર્થ વૈજ્ઞાનિકના મતે પણ વિશ્વને આલિંગતો આધ્યાત્મિક અનુભવ એ વૈજ્ઞાનિક સંશોધનનો ઉત્તમોત્તમ આધાર છે. આમ, માનવજીવનના ઊર્ધ્વગામી વિકાસના સંદર્ભમાં અધ્યાત્મ અને વિજ્ઞાનની અનિવાર્યતા દિનપ્રતિદિન વધુ ને વધુ સ્પષ્ટ થઈ રહી છે. નામાંકિત તત્ત્વચિંતક શ્રી બર્ટ્રાન્ડ રસેલ કહે છે, 'The greatest men who have been philosophers have felt the need of both science and mysticism.' અર્થાત્

તત્ત્વચિંતક એવા મહાન પુરુષોને વિજ્ઞાન અને અધ્યાત્મ બન્નેની આવશ્યકતા જણાઈ છે.

**બન્ને ક્ષેત્રો : પ્રક્રિયા અને પરિણતિ**

વિજ્ઞાનનો મુખ્ય આધાર વૈજ્ઞાનિક પદ્ધતિ ઉપર રહેલો છે. એ પદ્ધતિનાં મુખ્ય લક્ષણોમાંનું એક છે મતૈક્ય. એક વૈજ્ઞાનિકે તારવેલો નિષ્કર્ષ બીજા વૈજ્ઞાનિકો પણ જો પરિસ્થિતિને તેવી જ રીતે પ્રયોજે તો તારવી શકે. આમ, મતૈક્ય માટે મુખ્ય જરૂરી સાધન છે નિયંત્રિત પરિસ્થિતિ-Controlled Conditions. વૈજ્ઞાનિક પદ્ધતિનું એ બીજું આવશ્યક લક્ષણ છે. અધ્યાત્મ પ્રત્યેનો અભિગમ પણ વૈજ્ઞાનિક જ છે, કારણ કે તેમાં ઉપર્યુક્ત બન્ને લક્ષણો દૃષ્ટિગોચર થાય છે. આમ છતાં વિજ્ઞાન અને અધ્યાત્મનો કાર્યક્ષેત્ર અંગેનો મહત્ત્વપૂર્ણ ભેદ તો આપણે સ્વીકારવો જ રહ્યો. વિજ્ઞાન બાહ્ય પ્રકૃતિમાં રહેલા સિદ્ધાંતોનું અન્વેષણ કરી તેના ઉપર પ્રભુત્વ પ્રાપ્ત કરવા મથે છે. તેમ કરવામાં મન, બુદ્ધિ અને તર્ક દ્વારા થયેલા ઇંદ્રિયગ્રાહ્ય અનુભવને જ સત્ય તરીકે સ્વીકારે છે. અધ્યાત્મને આંતરપ્રકૃતિ ઉપર વિજય પ્રાપ્ત કરવાનો હોય છે. અને તે માટે બુદ્ધિ અને તર્કથી અસ્પર્શ્ય એવા મનાતીત અને ઇંદ્રિયાતીત અનુભવો દ્વારા આધ્યાત્મિક સત્ય આત્માનુભવ પ્રાપ્ત કરે છે. આ ભેદથી એક બીજી બાબત વધુ સ્પષ્ટ બને છે કે જીવન માટે ખૂબ જ ઉપકારક હોવા છતાં વૈજ્ઞાનિક પદ્ધતિને પોતાની મર્યાદા છે. અમુક ચોક્કસ પ્રકારનું ચોકઠું લઈને એ ચાલે છે. એમાં બંધબેસતું થાય એ જ સત્ય છે એવું એ માને છે, પરંતુ સત્ય તો પદ્ધતિથી નિરપેક્ષ પણ હોઈ શકે. આમ, ખરું જોતાં વિજ્ઞાન અને અધ્યાત્મવિદ્યાનાં પદ્ધતિ અને પરિણતિમાં સમાનતા છે અર્થાત્ પરસ્પર વિરોધી નથી, ઊલટું, અધ્યાત્મમાં પણ વૈજ્ઞાનિક અભિગમ હોઈ શકે.

મુમુક્ષુએ અવિનાશી આત્મસંપત્તિના અધિકારી થવાનું છે, દેહાતીત અને મનાતીત તત્ત્વને અવગત કરવાનું છે. તેમ કરવા માટે ચિત્તમાં

ઊઠતી વાસનાઓ અને સંકલ્પ વિકલ્પોનું નિયમન કરી ચિત્તશુદ્ધિ, ચિત્તસ્થૈર્ય અને ધ્યાન જેવા સાધનાના મહત્ત્વનાં અંગો ઉપર તેણે ઝોક આપવાનો છે. વૈજ્ઞાનિક પરિભાષામાં કહીએ તો આત્માનુભવી ગુરુએ આંતરતત્ત્વને પામવા જે રીતે પોતાનાં આંતરિક તત્ત્વોને નિયંત્રિત કર્યાં હતાં, તેવી જ રીતે સાધકે પણ સદ્ગુરુના માર્ગદર્શન હેઠળ સ્વપરિસ્થિતિને નિયંત્રિત કરવાની છે. તો જ તે અપેક્ષિત અનુભવને પ્રાપ્ત કરી શકે. ભારતના આત્માનુભવી પુરુષો અને સંતોની પરંપરામાં આ જ વૈજ્ઞાનિક રહસ્ય રહેલું છે. એ આંતર પરિબળો કયાં ? તેનું નિયમન કેવી રીતે કરી શકાય ? વગેરે પ્રશ્નોના ઉત્તરમાં ભારતીય સહિત વિશ્વભરના રહસ્યવાદીઓ (Mystics)માં અતિ લાક્ષણિક એવી એકમતી પ્રવર્તે છે. અને તે એ કે મન, બુદ્ધિ, હૃદય આદિની સંશુદ્ધિ દ્વારા કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, એષણા, અસ્થિરતા, કુટિલતા, વાચાળતા, વાદપ્રિયતા, દંભ, નૈતિક નિર્બળતા, આગ્રહો, પૂર્વગ્રહો, અભિગ્રહો ઇત્યાદિ અનેકનું નિરસન કરીને જ આત્માનુભવના પથ ઉપર પ્રયાણ કરવાનું છે. ગીતામાં શ્રીભગવાન કહે છે :—

**इन्द्रियाणि मनो बुद्धिरस्याधिष्ठानमुच्यते ।**
**एतैर्विमोह्यत्येष ज्ञानमावृत्य देहिनम् ॥**
**तस्मात्त्वमिन्द्रियाण्यादौ नियम्य भरतवर्षभ ।**
**पाप्मानं प्रजहि ह्येनं ज्ञानविज्ञाननाशनम् ॥**

'ઇંદ્રિયો, મન (અને) બુદ્ધિ આનાં (કામનાં) રહેઠાણ કહેવાય છે. અને આ (કામ) જ્ઞાનને ઢાંકી દઈને (મન, બુદ્ધિ અને ઇંદ્રિયો વડે) જીવાત્માને મોહ પમાડે છે. તે માટે હે અર્જુન ! તું પહેલાં ઇંદ્રિયોને વશ કરીને જ્ઞાન વિજ્ઞાનનો નાશ કરનાર એ પાપી (કામવાસના)ને જ હણી નાખ.' (અધ્યાય ૩, ૪૦-૪૧)

પરંતુ આમ કરવામાં પ્રાથમિક જરૂરિયાત તો અંતર્મુખ બનવાની છે, પરંતુ માત્ર અંતર્મુખ બનવું પર્યાપ્ત નથી. સાધકે તો ચેતનામાં ઊંડે

ને ઊંડે ઊતરવાનું છે. આંગ્લકવિ Browning કહે છે :-

Truth is within ourselves,
There is an inmost centre of us all
Where truth abides in fullness.

સત્ય છે આપણીમહીં,
આપણા સર્વનું કોઈ અંતરતમ કેંદ્ર છે.
સત્ય જ્યાં વસતું દીસે પૂર્ણ રીતે નિરંતર.

આ સત્ય તારવવા માટે પોતે જ પોતાના ઉપર પ્રયોગ કરવાનો છે. એ જ સંદર્ભમાં ડૉ. રાધાકૃષ્ણન કહે છે, 'Every individual is a laboratory himself.' અર્થાત્ વ્યક્તિ પોતે જ એક પ્રયોગશાળા છે.

આમ, અંતર્મુખ બનતાં જ વ્યક્તિને ભાન થવા માંડે છે કે એની જીવનયાત્રા તો અનંત પથ ઉપર વિહરી રહી છે. યુનોના સદ્ગત મહામંત્રી શ્રી દાગ હેમરશીલ્ડે કહ્યું છે, 'Journey inwards is the longest journey.' અર્થાત્ આંતરયાત્રા એ દીર્ઘતમ યાત્રા છે. એ અનંત પથમાં વ્યક્તિ સાથે કેટકેટલાંય તત્ત્વો સ્થૂળ સ્વરૂપે કે સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ સ્વરૂપે સંકળાયેલાં છે. બધાં માટે એ એકસરખાં પણ હોતાં નથી. વ્યક્તિ વ્યક્તિ દીઠ એ આંતરજીવનયાત્રા નિરનિરાળી હોય છે. એ જ અર્થમાં પૂજ્ય શ્રીમોટા ઘણી વાર 'દરેકનો સાધનાપથ જુદો જુદો છે એમ કહે છે.' અને તેથી જ તો એકને માટે જે માર્ગ ઉપકારક હોય, તે અન્યને માટે ન પણ હોય. છતાં અન્યનો માર્ગ અસત્ય ઠરતો નથી. સત્સંગ દરમિયાન એકવાર પૂજ્ય શ્રીમોટાએ યોજેલી ઉપમા દ્વારા સમજીએ તો સૂર્ય અનંત કિરણો દ્વારા પ્રકાશે છે. એમાં એક કિરણના પ્રકાશના અસ્તિત્વ માટે અન્ય કિરણોનો વિચ્છેદ શા માટે કરવો પડે ? સાધનાપથમાં આ માર્ગ સાચો અને પેલો માર્ગ

ખોટો એવી ખંડન મંડનની પ્રવૃત્તિથી પૂજ્યશ્રી અળગા રહેવાનું પસંદ કરે છે, તે આ દૃષ્ટિએ જ.

**પ્રસ્તુત પુસ્તક : વિષય અને શૈલી**

અધ્યાત્મમાર્ગના પ્રવાસીએ પોતાની પ્રકૃતિથી પર થવાનું રહે છે. તેમાં રાગદ્વેષ પ્રકૃતિગત અવરોધરૂપે પ્રતીત થાય છે. રાગદ્વેષથી મુક્ત થયા વિના સાધક પોતાના અંતિમ લક્ષ્યે કદી પહોંચી ન શકે. એનાથી સર્વથા પર થવું અશક્ય હોવા છતાં શ્રેયસ્સાધકે રાગદ્વેષને મોળા પાડવાને માટે મથ્યા કરવું પડે છે. પરમ તત્ત્વ સાથે અનુસંધાન કરવાનું ધર્મ અને અધ્યાત્મનું અંતિમ ધ્યેય સમાન જ છે. એટલે જ વિશ્વભરના ધાર્મિક અને આધ્યાત્મિક સાહિત્યમાં રાગદ્વેષથી મુક્ત થવા ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. રાગદ્વેષને મુમુક્ષુએ તો શત્રુરૂપે જ જોવા રહ્યા. જે શત્રુને જીતીને વિજય પ્રાપ્ત કરવાનો છે, તેના સ્વરૂપ અને સામર્થ્યની ઓળખ વિના યુદ્ધ આદરવું નિરર્થક છે. આથી, પૂજ્યશ્રીએ અહીં રાગદ્વેષનાં સ્વરૂપ-લક્ષણ અને તેનાં કાર્યો, જીવાત્મા ઉપર થતું રહેતું તેનું સતત આક્રમણ, તેનાથી બચવાના અને તેને જીતવાના ઉપાયો, રાગદ્વેષ સહિતની સ્થિતિ અને રાગદ્વેષ મોળા પડ્યાના પ્રમાણોનું દર્શન-વર્ણન સુબોધ શૈલીમાં સવિશેષપણે નિર્દેશ્યું છે. આ વિષયનું આવું એકત્રિત નિરૂપણ ક્યાંયે ઉપલબ્ધ હોવાનું જાણમાં નથી. એ રીતે પૂજ્ય શ્રીમોટાનું આ અપૂર્વ મૌલિક પ્રદાન છે.

પૂજ્ય શ્રીમોટા જે કંઈ લખે છે, તે પૂરેપૂરી આંતરપ્રતીતિથી અને સ્વાનુભવથી જ લખે છે. વળી, લખતી વખતે તેમની સમક્ષ હંમેશાં સામાન્ય સમજણવાળો વાચક રહેલો છે. આથી, તેમની રજૂઆત અને શૈલીમાં સરળતા અને સાદાઈ છે. સાદાઈના આ આદર્શ પરત્વે પૂજ્યશ્રીમાં તેમની ગુરુનિષ્ઠા જોઈ શકાય છે. પૂર્વજીવનના અને ઉત્તરજીવનના એવા ગુરુના સંદર્ભમાં જ એમણે કહ્યું છે કે, ‘મારા ગુરુ મહારાજનો દંડો મારી સમક્ષ હાજરાહજૂર છે.’ આ વિધાનને સમજવા

એ જાણવું જરૂરી છે કે પૂર્વાશ્રમના એમના સેવાક્ષેત્રના ગુરુ યુગપુરુષ મહાત્મા ગાંધીજીએ કહ્યું છે, 'કોશિયો પણ સમજી શકે તેવું સાહિત્ય લખાવું જોઈએ.' અને ઉત્તરાવસ્થાના એમના આધ્યાત્મિક ગુરુનો પણ આદેશ હતો કે 'ભગવાન તો સમગ્રતામાં રહેલો છે. એટલે સમગ્ર સમાજને સ્પર્શે એવું જ લખવું.' આથી, સચોટતા અને સરળતા એ એમનાં લખાણનાં મુખ્ય લક્ષણ બની રહે છે. આ પુસ્તકમાંની એમની એવી હેતુલક્ષિતાની પ્રતીતિ મને સ્વાનુભવે થયેલી છે. પૂજ્યશ્રી સમક્ષ શ્રી કાંતિભાઈને ત્યાં આ પુસ્તકનું પ્રથમ વાંચન થયું ત્યારે શ્રોતાગણમાંની કેટલીક અલ્પ શિક્ષિત વ્યક્તિઓને તે અત્યંત સરળતાથી સમજાયું હતું. અને એ ભાવ એમના મુખ ઉપર તરવરતો હતો. પૂજ્ય શ્રીમોટાનાં તાજેતરનાં વિશિષ્ટ અને અપૂર્વ સર્જનો જેવાં કે 'જિજ્ઞાસા', 'શ્રદ્ધા', 'ભાવ' અને 'નિમિત્ત' જેવું આ 'રાગદ્વેષ' એના વિષય અને શૈલીને કારણે આકર્ષક નીવડે એવું છે. એટલું જ નહિ, પણ વધુ લોકભોગ્ય નીવડશે. આપણા આધ્યાત્મિક સાહિત્યમાં ચિરંતન સ્થાન પ્રાપ્ત કરે એવાં એ પુસ્તકો અર્પવા બદલ ગુજરાત એમનું ઋણી રહેશે.

**રાગદ્વેષનાં લક્ષણો-કાર્ય-સ્વરૂપ :-**

ગીતામાં શ્રીભગવાન અર્જુનને સાવધ કરતાં કહે છે :-

**'इन्द्रियस्येन्द्रियस्यार्थे रागद्वेषौ व्यवस्थितौ ।**
**तयोर्न वशमागच्छेत्तौ ह्यस्य परिपन्थिनौ ॥'**

'પ્રત્યેક ઇંદ્રિયને ઇંદ્રિયના અર્થમાં (વિષયોમાં) રાગ અને દ્વેષ રહેલા છે. તે બેને વશ થવું નહિ, કેમ કે તે બે (જ) આ (મનુષ્ય)ના કલ્યાણમાર્ગના વિરોધીઓ છે.'

પૂજ્ય શ્રીમોટા પણ સાધકને સાવધાન કરતાં કહે છે કે રાગદ્વેષની ચાલ અને જાળમાં ફસાવું નહિ. એની સાથે સમાધાન હોઈ શકે નહિ. એના ઉપર ગમે તેટલા ફટકા મારો, પણ રાગદ્વેષ તાજા ને તાજા જ રહે છે. રાગદ્વેષનો નશો ઉન્મત્તકારી છે. એ નશો ચડે છે ત્યારે સૂધબૂધ

રહેતી નથી. કેટલાય જીવો રાગદ્વેષને તાબે થઈ ફના થઈ જાય છે. છતાં કરુણતા એ છે કે તેઓ ફરી ફરીને કરોળિયાની જાળમાં જેમ જંતુ ફસાય તેમ ફસાવા તત્પર રહે છે. પૂજ્યશ્રી કહે છે :–

રાગદ્વેષતણી ચાલ પ્રપંચી કપટી ઘણી,
બુદ્ધિને પાશ ઊંડો તે લગાડી દે નર્યો વળી.
પ્રકૃતિકેરી માયાને જીવદશાથી જીવન,
વધારે ને વધારે તે કર્યા બદ્ધ કરે પથ.

માયાજાળ શી એ સૂક્ષ્મ રાગદ્વેષથી ગૂઢ છે,
અગમ્ય તે છતાં કોઈ માથા ફરેલ કાપશે.

શા રાગદ્વેષ કૂટસ્થ અદ્વિતીય પ્રકારના,
જીવને તે પૂરેપૂરા કેવા મુશ્કેલ જીતવા.

આમ, રાગદ્વેષ પ્રપંચી, કપટી અને માયાવી છે. વળી, તે કૂટસ્થ છે. કૂટનો અર્થ થાય છે ઢગલો. કૂટ એટલે માયા એવો પણ અર્થ થાય છે. આમ, રાગદ્વેષ માયાસ્વરૂપે ઢગલાની જેમ પડેલા છે. કૂટસ્થ અંગે ગીતા-શાંકરભાષ્યમાં શ્રીશંકરાચાર્ય જણાવે છે કે :–

'कूटस्थः कूटो राशिरिव स्थितः । अथवा कूटो माया वञ्चना जिहाता कुटिलता इति पर्यायाः । अनेकमायादिप्रकारेण स्थितः कूटस्थः । संसार-बीजानन्त्यान्न क्षरति इति अक्षर उच्यते ।'

('કૂટ એટલે રાશિ અથવા ઢગલો. જે ઢગલાની પેઠે પડેલું છે તે કૂટસ્થ. અથવા કૂટ એટલે માયા, વંચના, છળ, કુટિલતા એ માયાના જ પર્યાયો છે. આમ, માયા વગેરે અનેક પ્રકારે જે મોજૂદ છે તે કૂટસ્થ. સંસારનું બીજ અંત વિનાનું હોવાથી, કૂટસ્થનો નાશ થતો નથી. તેથી, તેને 'અક્ષર' કહેલું છે.')

પૂજ્યશ્રીની દૃષ્ટિએ રાગદ્વેષ આવા કૂટસ્થ છે. એ તો મહામારી (Plague) જેવો ભયંકર રોગ છે. છતાં એની ખૂબી એ છે કે તે ભયંકર લાગતો નથી. જેમાં ભળવાનો આપણો ધર્મ છે, તે સત્યને ભુલાવી એ આપણને રવાડે ચડાવે છે. જે વ્યક્તિમાં રાગદ્વેષ પ્રવેશે છે, તે મતાગ્રહી બને છે, પોતે જ સાચી છે એમ માને છે. આવી વ્યક્તિઓ એકબીજા સાથે કામ પાડતાં મતાગ્રહને કારણે અન્યોન્ય લડી મરે છે. આપણા સમાજની આજની વિગ્રહાત્મક પરિસ્થિતિના મૂળમાં રાગદ્વેષની આ પ્રવૃત્તિ જ રહેલી છે.

રાગદ્વેષને દૂર કરવાનો પ્રયત્ન કરવામાં આવતાં, તે ઉપર ઉપરથી મરી ગયેલા જેવો લાગે છે. છતાં અંતરમાં જીવંત હોય છે. પૌરાણિક કથાના પેલા રાક્ષસનું માથું કપાતાં તેના લોહીનાં બુંદમાંથી અનેક રાક્ષસો પેદા થતા એવું જ આ રાગદ્વેષનું છે. એક રાગદ્વેષને દૂર કરો તો બીજા ફણગા ફૂટતા જ હોય છે. રાગદ્વેષને વશ વર્તનાર વ્યક્તિ રાગદ્વેષના વિષયનો કેડો છોડતી નથી. જાણે ગોળ ગોળ ફરતી હોય તેમ ત્યાં ને ત્યાં જ હોય છે. તે વિકાસ કરી શકતી નથી. આમ, રાગદ્વેષ વ્યક્તિને પોતાના સકંજામાંથી છૂટવા દેતી નથી.

રાગદ્વેષને હણવા ખૂબ મુશ્કેલ છે. કાથાદોરી બળી જાય પરંતુ તેનો વળ ન છોડે એવું જ રાગદ્વેષનું છે. રાગદ્વેષની તાણ ઘોડાપૂર જેવી પ્રચંડ હોય છે. ઉન્નત જીવનના માર્ગમાં રાગદ્વેષ અનેક ભમરાળ વમળો ઊભાં કરે છે. આપણને એમ લાગે છે કે એક વમળમાંથી બચી ગયા ત્યાં તો બીજું વમળ-ઘાંચ તૈયાર જ હોય છે. રાગદ્વેષ હોય તેના કરતાં જુદું જ દર્શાવે છે. કેટલીક વાર તો મોહક સ્વાંગ ધારણ કરીને તે આવતા હોય છે. એને વશ વર્તનાર વ્યક્તિ એમ માનવા પ્રેરાય છે કે રાગદ્વેષ દ્વારા તે પોતાનું ભલું કરે છે, પરંતુ તેઓ તો વિશ્વાસઘાતી ચાલ દ્વારા આપણા પેટમાં છૂરી હુલાવી, પીઠ પાછળ ઘા કરી આપણો જ નાશ નોતરે છે. જો જીવ રાગદ્વેષ સામે એકાદ વાર હારી ગયો તો તેઓ

સદા એના ઉપર ઘોડેસવાર થઈ જાય છે અને વ્યક્તિ હરાયાં ઢોર જેવી બને છે. રાગદ્વેષની પકડથી વ્યક્તિ સ્વછંદતાપૂર્વક અન્યની નિંદા, ચાડીચુગલી વગેરે દુર્ગુણોમાં રાચે છે. આ જ કારણે રાગદ્વેષ ઊર્ધ્વ વિકાસમાં આડા આવે છે.

રાગદ્વેષયુક્ત વ્યક્તિને આંખે પાટા હોય છે. તેને સત્ય નજરે ચડતું નથી. એવી વ્યક્તિ બીજા વિશે ઊંડા પૂર્વગ્રહો બાંધે છે. બીજાનું જે કંઈ યોગ્ય છે, તે પણ સ્વીકારવા કે જોવા તૈયાર હોતી નથી અને તેને અન્યાય કરે છે. કંઈ પણ સાચું એને ગળે ઊતરતું નથી. અન્ય પ્રત્યેનો એનો સદ્ભાવ મરી જાય છે. રાગદ્વેષવાળી વ્યક્તિ વાંધાવચકા ખૂબ પેદા કરે છે. જીવનમાં જ્યારે ગૂંચવાડો ઊભો થાય છે ત્યારે તેના ઉકેલના સ્પષ્ટ ઉપાયો રાગદ્વેષ સૂઝવા દેતા નથી અને કોકડું વધારે ને વધારે ગૂંચવી દે છે. દોષનો ટોપલો બીજા ઉપર ઢોળે છે અને નવાં નવાં ક્લેશ, અશાંતિ અને ચિંતા પેદા કરે છે. રાગદ્વેષ વ્યક્તિને નિરાંતે જંપવા દેતા નથી, તે ભ્રમજાળ પેદા કરે છે અને આડે પાટે લઈ જાય છે. રાગદ્વેષથી દૃષ્ટિ સંકુચિત બને છે. બીજાના સદ્હેતુને પણ તેઓ પારખવા દેતા નથી. શ્રેષ્ઠ વસ્તુ થતી હોય તેમાં પણ નવા નવા ફણગા ઊભા કરે છે. આમ, તે બુદ્ધિનું ઝેર નીકળવા દેતા નથી પણ વધારે છે, બુદ્ધિને કુંઠિત કરે છે અને અજ્ઞાનને વધારે છે. રાગદ્વેષ મનને અવળું સમજાવી 'પોતે બીજાનો ભોગ બનેલો છે', 'બીજા મને ખાલી ખાલી હેરાન કરે છે' એવું વ્યક્તિને મનાવરાવે છે. વ્યક્તિને ગમે કે ન ગમે તોપણ રાગદ્વેષ નવા નવા સ્વાદ ચખાડીને તેને પ્રપંચમાં ભેળવી દે છે. આમ, અનેક ગેરસમજૂતો દ્વારા રાગદ્વેષ બે દિલ વચ્ચે ફાટ પડાવે છે અને ઉગ્ર દુશ્મનાવટ જન્માવી કુસંપ પેદા કરે છે, ટંટાફિસાદ પ્રેરે છે, સુમેળ થવા દેતા નથી, ભેદ પડાવે છે, એકત્વનું ખૂન કરે છે અને એકબીજાને વેગળા રાખી નિકટ જ આવવા દેતા નથી.

રાગદ્વેષથી વ્યક્તિ તંગ રહે છે. તેની નિશ્ચિંતતા હણાય છે. તેનું મન વિક્ષિપ્ત થાય છે. જીવને મળેલાં કર્મમાં ફાંસ મરાવવા માટે રાગદ્વેષ હંમેશાં તત્પર અને દક્ષ હોય છે. અને તેથી પ્રાપ્ત કર્મમાં વ્યક્તિને કંટાળો પેદા કરાવી તેમાં વિક્ષેપ પેદા કરે છે. રાગદ્વેષ વ્યક્તિને નવા નવા ઢોંગ-ફેલાં કરાવડાવે છે. જે કાંઈ વ્યવસ્થિત હોય તેને રાગદ્વેષ તોડીફોડી નાખી, અવ્યવસ્થિત કરી ઊંધું જ વેતરાવે છે. તમામ પ્રકારના ઉત્તમ ભાવો જીવનમાંથી છીનવી લઈ રાગદ્વેષ આપણા માંહ્યલાને કોરી ખાય છે. જીવનસત્ત્વને હણીને જીવનમૃત્યુ નોતરે છે. એથી જ પૂજ્ય શ્રીમોટાએ ગીતાના સમર્થન સાથે રાગદ્વેષને વારંવાર ચોર, ડાકુ અને ધાડપાડુ ગણાવ્યા છે.

રાગદ્વેષ જીવનને જીવદશાથી અને પ્રકૃતિની માયાથી બદ્ધ કરે છે, જીવદશાની વૃત્તિ બહેકાવે છે અને જીવનને નિમ્નદશાની વૃત્તિ સાથે ચોંટાડી દે છે. જીવદશામાં અહમ્ રહેલું હોય છે. રાગદ્વેષનું મૂળ પણ અહમ્ જ છે. અને રાગદ્વેષ દ્વારા એ અહમ્ વધુ તેજસ્વી બને છે. જીવનમાં પ્રકૃતિની પકડનું મુખ્ય કારણ હુંપણું છે. અહમ્ દ્વૈતભાવ પેદા કરનારું છે અને પરમ તત્ત્વથી ભિન્નતા સર્જે છે. એથી કરીને માનવી માયામાં સપડાય છે. આ માયાને જ ભગવાન ઈસુએ સુંદર રીતે રજૂ કરતાં કહ્યું છે, ‘આ રાક્ષસ પ્રથમથી જ ખૂની હતો અને સત્યમાં રહેતો ન હતો, કેમ કે એનામાં સત્ય છે જ નહિ. જ્યારે એ અસત્ય બોલે છે ત્યારે એ પોતાની જ વાત કરે છે, કારણ કે એ જૂઠો છે અને જૂઠનો પિતા છે.’

**શ્રેયાર્થી અને રાગદ્વેષ :**

આવા રાગદ્વેષને શ્રેયાર્થીએ તો છોડવા જ રહ્યા, કારણ કે માયામાં લપટાયેલા રહીને તો આત્મતત્ત્વને પામવું શક્ય જ નથી. ગીતા જણાવે છે કે :—

**न मां दुष्कृतिनो मूढाः प्रपद्यन्ते नराधमाः ।**
**माययापहृतज्ञाना आसुरं भावमाश्रिताः ॥**

'માયા વડે જેમનું જ્ઞાન હરાઈ ગયું છે એવા મૂઢ લોકો આસુરી સ્વભાવને વશ થયેલા અને દૂષિત કર્મો કરનાર નરાધમો મને ભજતા નથી.'

શ્રેયાર્થીને તો અન્ય પ્રત્યેના રાગદ્વેષ છોડવાના છે એટલું જ નહિ, પણ અન્યને પ્રભુનું સ્વરૂપ સમજી પ્રેમ અર્પવાનો છે. તો જ તેના સંપર્કમાં આવનાર વ્યક્તિને અભયદાન મળી શકે. નીલકંઠ વ્યાખ્યાનમાં જણાવ્યું છે :–

**'न हि रागादिग्रस्तः सर्वभूतेभ्यः सर्वात्मनाऽभयं दातुमीष्टे ।'**

(જે માણસ રાગદ્વેષમાં ફસાયેલો હોય, તે પ્રાણીમાત્રને પૂરા હૃદયથી અભયદાન આપી શકે નહિ.) પોતાના શ્રેયપંથની મુશ્કેલી નિવારનાર શ્રેયાર્થીમાં રાગદ્વેષ હોય, તો તે તેની તમન્નાના શહૂરને હણે છે, ઉત્સાહમાં ફાચર મરાવે છે અને એકાગ્રતાનો ભંગ થતાં ધ્યેય પરત્વેનો ભાવ સંવર્ધવા દેતા નથી. શ્રેયાર્થીમાં રહેલા ભાવના વેગ અને જોશને રાગદ્વેષથી ધક્કો લાગે છે અને શ્રેયપંથની ભૂમિકા પાંગરતી નથી. શ્રેયાર્થીની ભલે તત્પરતા હોય, પરંતુ તેના ઉત્કૃષ્ટ ભાવને રાગદ્વેષ પ્રગટ થવા દેતા નથી અને શ્રેયાર્થી ઠેરનો ઠેર રહે છે. આમ, પુરુષાર્થ વડે મહા તપશ્ચર્યાથી જે જીવનશક્તિ કમાયા હોય તેને રાગદ્વેષ રફેદફે કરી નાખે છે અને ઉન્નત જીવન અંગેની તમામ સામગ્રીથી-જીવનહીરથી શ્રેયાર્થીને લૂંટી લે છે. આમ, શ્રેયાર્થીને માટે તો રાગદ્વેષ મોળા પાડ્યા વિના જીવનશ્રેય સધાવું મુશ્કેલ છે. રાગદ્વેષ મોળા પડે નહિ ત્યાં સુધી શ્રેયાર્થીના હૃદયે શાતા કે આનંદ પ્રગટવા દેતા નથી.

**રાગદ્વેષક્ષય :**

પૂજ્ય શ્રીમોટા કહે છે કે વહેવારના જગતનો પણ નિયમ છે કે કંઈક મેળવવા માટે કંઈક છોડવું પડે છે. કિંમત ચૂકવ્યા વિના કંઈ પણ મળતું

નથી. શ્રેયપંથમાં પણ શ્રેયાર્થીને રાગદ્વેષ છોડવા માટે કોઈ પણ જાતનો ત્યાગ કરવો પડે કે ભોગ આપવો પડે, તેને માટે તેણે તત્પર રહેવું જોઈએ. રાગદ્વેષને દૂર કર્યા વિના ધ્યાનસાધન થઈ શકે જ નહિ. મન વિક્ષિપ્ત રહે છે. સંપૂર્ણ નિર્મળતા પાંગરતી નથી. આથી, પાકો મરણિયો દૃઢ નિશ્ચય કરી મૃત્યુને નોતરવું પડે તો તેમ કરીને પણ રાગદ્વેષ હઠાવવા જોઈએ. તેને મૂળથી જ હણવા જોઈએ, પરંતુ રાગદ્વેષને સંપૂર્ણ નિર્મૂળ કરવા સામાન્ય જીવનું ગજું નથી. જેને અંતર ધગધગતી જ્વાળા જેવી જિજ્ઞાસા હશે અને વિકાસની અનંત ભૂખ હશે અને જેને ખોટો સમય ખોવો પાલવતો નથી, તેવો પુરુષાર્થી શ્રેયાર્થી જ રાગદ્વેષને હઠાવવાને શક્તિમાન છે. રાગદ્વેષ એની મેળે નિર્મૂળ થતા નથી. એને તો વળાવવા પડે છે. તે માટે નિશ્ચિત જીવનધ્યેય સાથે દિલને મનન ચિંતવનથી ખંતપૂર્વક નિરંતર જીવનવિકાસના અભ્યાસમાં પરોવવું પડે છે. પોતાની સાથે સંકળાયેલા તમામ પરત્વે જો શ્રેયાર્થી સદ્ભાવ ધારણ કરે તો રાગદ્વેષ હળવા બને ખરા. તેમ છતાં પણ મનાદિની સજ્જડ પકડ પકડીને વિકાસની તમન્નાને તેઓ મોળી પાડી નાખે એવું બને. શ્રેયાર્થીના મનાદિને રાગદ્વેષથી મોળા પાડવાનો અભ્યાસ વધતો જાય અને પૂરેપૂરી ભક્તિ જાગ્રત થાય તેમ તેમ મનાદિકરણો ખરા ધ્યેયની ભક્તિમાં પલળી જાય અને રાગદ્વેષનું ગૌણત્વ આપમેળે સધાય છે. રાગદ્વેષથી મુક્ત થવા માટે તેમને એકલા પાડીને સ્વતંત્ર રીતે એમની સાથે લડવું એ યોગ્ય નથી. એમ કરવા જતાં તો રાગદ્વેષ વડે જ રાગદ્વેષને હઠાવવાનું બને. એનાથી કદાપિ સફળ ન થવાય. સફળ થવા માટે જીવનધ્યેય પ્રત્યે અખંડ જીવંત ચેતનાત્મક અભ્યાસભાવના પ્રગટાવવી પડે. રાગદ્વેષને જીવનમાંથી સંપૂર્ણ ટાળવા માટેનો એ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ઉપાય છે. આવા અભ્યાસમાં લક્ષ કેંદ્રિત કરવાથી તત્કાળ તો નહિ પરંતુ લાંબેગાળે ઉગ્રમાં ઉગ્ર શક્તિ પેદા થાય, શ્રેયાર્થીની બુદ્ધિ તીવ્ર અને સૂક્ષ્મ બનતી જાય. અને આવી વિવેકવાળી બુદ્ધિ શ્રેયાર્થીને ઉગારે

છે, કારણ કે એનાથી એને આપમેળે ઉપાયો સૂઝતા જાય છે. જીવનધ્યેયનો અભ્યાસ થતાં થતાં જીવની અભિરુચિ પણ બદલાતી જાય છે અને બદલાયેલી પક્વ અભિરુચિથી અભ્યાસમાં દૃઢતા અને નૈસર્ગિકતા આવે છે. પૂજ્ય શ્રીમોટા કહે છે કે સો વાતની એક વાત એ છે કે જીવનધ્યેયની સંપૂર્ણ લગની લગાડી, તેના અભ્યાસમાં સંપૂર્ણ ચિત્ત પરોવી દિનરાત રત રહીએ અર્થાત્ રાગદ્વેષ કરતાં કોઈ ઊર્ધ્વ ભૂમિકામાં તદાકાર થઈએ તો જ રાગદ્વેષને હઠાવી શકાય :-

રાગદ્વેષ થકી ઊર્ધ્વ પ્રદેશ ભૂમિકા વિશે,
તદાકાર થતાં મેળે સૌ રાગદ્વેષ તો ઘટે.

આવી ઊર્ધ્વ ભૂમિકામાં એકાગ્ર થતાં અંતરમાં પડેલી સુષુપ્ત શક્તિ જાગૃત થાય છે અને તેમાંથી ભાવ જાગે છે. આવી ભાવ જાગૃતિમાં પણ રાગદ્વેષ ઊઠવાની શક્યતા છે ખરી, પરંતુ ભાવમાં રહેલા જોશને કારણે એ નડતા નથી. ભાવ અને રાગદ્વેષનો સંબંધ વ્યસ્ત રીતે પરસ્પરાશ્રિત છે. એટલે કે જેમ જેમ ભાવ ગાઢ થતો જાય તેમ તેમ રાગદ્વેષ મોળા પડતા જાય. અને જેમ જેમ રાગદ્વેષ મોળા પડતા જાય તેમ તેમ હૃદયમાં વધુ ને વધુ ભાવ સ્ફુર્યા કરે છે. ઉપર નિર્દિષ્ટ ‘જીવનધ્યેયનો અભ્યાસ’ એટલે જીવનનો સાધનાપથ. પૂજ્ય શ્રીમોટાએ પુસ્તકના પ્રારંભમાં જ એમનાં પોતાનાં દર્શન અનુસારના સાધનાપથ પ્રત્યે ઈશારો કર્યો છે. રાગદ્વેષ ઘટાડવાના હેતુથી જ શ્રેયાર્થીઓ માટે એ રૂપરેખા એમણે આપી છે.

**જીવનધ્યેયનો અભ્યાસ-સાધનાપથ :**

સાધકનું અંતિમ લક્ષ્ય છે આત્માનુભવ. તે પ્રાપ્ત કરવા કોઈ પણ જાતના લાભની અપેક્ષા વગર મંડ્યા રહેવા ઉપર જ તેણે ઝોક દેવાનો છે. મંડ્યા રહેવાથી ઊંડા સંસ્કાર કેળવાતા જશે, પરંતુ જીવનનું ધ્યેય પૂરેપૂરું નિશ્ચિત ન થયું હોય ત્યાં સુધી એ માર્ગમાં જોમ પેદા થવાનું નથી. એટલે ધ્યેય નિશ્ચિત કરીને તેને માટે ‘યાહોમ’ કરીને સાધનાભ્યાસ

કરવાથી જ જોમ અને ભાવ પ્રગટ થશે. વળી, ભાવ પેદા કરવા માટે જે કોઈ જીવનમાં આવી મળેલાં હોય તેના પ્રત્યે ઊંડો સદ્ભાવ કેળવ્યા કરવાનો છે. અન્ય સાથેના સંબંધ વહેવારમાં જે કર્મ કરવાં પડે એ ભાવ કેળવવા માટે જ છે એમ સમજવું. જીવનમાં મોટાભાગનાં કર્મમાં તો સ્વાર્થ રહેલો છે, પરંતુ સાધકે લોભમોહાદિ વૃત્તિથી એ કર્મ કરવાનાં નથી. કોઈ પણ જાતની પરિણામની ઝંખના વિના એણે કર્મ કરવાનું છે. કોઈ પણ પ્રકારની ઊંડી ઝંખના ભાવને મારી નાખતી હોય છે. એટલે સાધકે તો ઊલટું સ્વાર્થને મોળા પાડવાના છે. એને માટે એણે સંસારનાં બધાં કર્મો પ્રત્યે ગૌણત્વ પ્રગટાવવાનું રહેશે. તેમ કર્યા વિના પ્રભુ પ્રત્યે લક્ષ જવાનું જ નથી. આમ છતાં એણે કશામાંથી ભાગી છૂટવાનું નથી, પરંતુ ભાવમાં ચિત્ત પરોવીને એણે તમામ કર્મો પ્રભુપ્રીત્યર્થે કરવાનાં છે. પરમાર્થ અને ત્યાગથી પૂર્ણ એવાં કર્મોમાં ઊંડો રસ લઈ જ્ઞાનભાવથી તે કરવાનાં છે. એને માટે પ્રભુ વિશે હૈયામાં ઊંડેરો ભાવ ધારણ કરવાની ટેવ પાડવાની છે. પ્રભુને જ મોખરે રાખી એને જ મહત્ત્વ દેવાનું છે, પરંતુ આ કરવું તદ્દન સહેલું તો નથી. આ માર્ગ તો અસિધારાવત્-ખાંડાની ધાર જેવો ગણાય છે. એટલે સાધકે સતત જાગૃતિ (Constant awareness) કેળવી જીવનમાં જીવંત ચેતનાત્મકતા પ્રગટાવવાની છે. એને માટે નામસ્મરણ, પ્રાર્થનાભાવ, ભજનકીર્તનનો અને આત્મનિવેદન વગેરે સાધનોનો આશ્રય લેતા રહેવાનું છે. આત્મનિવેદન દ્વારા પોતાની તમામ વૃત્તિ, વિચાર અને કર્મના વહેવારો પ્રભુના પદે સમર્પી દઈને એણે ખુલ્લા થઈ જવાનું હોય છે.

આ બધામાં ભાવ એ શ્રેયાર્થીનું મુખ્ય સાધન છે. અન્ય પ્રત્યે સહાનુભૂતિ અને તેને ઓથ આપીને એ ભાવ કેળવવાનો છે. એને માટે સાધકે બીજાને વિશે કશો વિચાર કરવાનો નથી. એને **'નિમિત્ત'**

પુસ્તકમાં પૂજ્ય શ્રીમોટાએ શ્રેયાર્થીનું આવશ્યક લક્ષણ ગણાવ્યું છે. દરેક નિમિત્તમાં શ્રેયાર્થી પોતાને જ જુએ છે, કારણ કે અન્યના વિચાર કરવાથી અંતર્મુખ થવાતું નથી. માત્ર અંતર્મુખ થવું પણ પર્યાપ્ત નથી. એમાં સ્થિર થવા માટે-પોતાનામાં જ સંપૂર્ણ રહેવાય તે માટે જીવદશામાં જે ટેવો, સમજણો, આગ્રહો કેળવાયેલા હોય તેને દિલમાં જાગૃતિ રાખીને છોડવાના છે. પોતાના મતાગ્રહથી પણ મુક્ત થવાનું છે. જે કંઈ ગ્રંથિઓ કે મડાગાંઠો પડેલી છે, તેને દૂર કરવાની છે. આમ કરવામાં જે ઈષ્ટ દેવની આરાધના કરતા હોઈએ કે જે સદ્‌ગુરુનું માર્ગદર્શન સ્વીકારતા હોઈએ તેને હૃદય સન્મુખ રાખતા રહેવું જોઈએ. એ પ્રક્રિયા જેટલી ભાવપૂર્ણ થશે તેટલી વધુ યોગ્ય અને તેટલી વધુ સફળતા પ્રાપ્ત થશે.

**રાગદ્વેષક્ષય પ્રમાણ :**

રાગદ્વેષ હઠાવવા માટે સાધનાપથે મંડી પડ્યા પછી પણ સાધકને કેટલાક વહેવારુ પ્રશ્નો નડે છે. રાગદ્વેષ મોળા પડ્યા એમ શી રીતે જાણવું ? તેનું પ્રમાણ શું ? કોઈ એક શ્રેયાર્થીના આવા જ પ્રશ્નમાં આ પુસ્તકનું ઉદ્‌ભવસ્થાન રહેલું છે. પૂજ્ય શ્રીમોટાએ રાગદ્વેષ મોળા પડ્યાનાં કેટલાંક લક્ષણો-પ્રમાણ વર્ણવ્યાં છે. એ આ પ્રમાણે છે :—

સર્વ પ્રત્યેનો આપણો સદ્‌ભાવ ટકે. આપણા સર્વ અણગમા, ઈર્ષ્યા અને અદેખાઈ ઓગળી જાય. પૂર્વગ્રહો દૂર થાય. કંઈક બધાનું ખૂંચતું હોય તે જતું રહે. આપણી સમજણથી કોઈ ઊંધું ચાલે કે કશો બગાડ કરે છતાંય તેના પ્રત્યે સદ્‌ભાવ રહે. અપમાન અને અન્યાય થવા છતાં આપણામાં નાખુશી ના જન્મે. અન્ય પ્રત્યે ગુસ્સો જાગે છતાં તે હૃદયથી ઊતરી ન જાય. માની લીધેલી રીતરસમ કરતાં ઊંધું વર્તન થાય, ધારેલું ઊંધું વળે, શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ પસંદગીનું માનેલું હોય તે બધું અસ્તવ્યસ્ત થઈ જાય ત્યારે ક્રોધ ન ચડે, સ્વસ્થતા અને શાંતિ ટકતાં લાગે અને

આનંદભાવનાનો ભંગ ન થાય. આકરી અથડામણો પેદા થાય ત્યારે પણ સ્વસ્થતા ટકી શકે. અણગમતું કંઈક અનુભવાય ત્યારે મન ચંચળ ન થાય. બધાં જોડે અતડાપણું ઘટેલું લાગે. કોઈ બેફામ વર્તન કરે છતાં શાંત રહેવાય. મુશ્કેલી તથા ગૂંચ આવતાં ઊકળી જવાય નહિ અને શાંતિથી ઉકેલ થાય. લોભમોહના આવેશ જન્મતાં સંયમ પેદા થાય. અહમ્ ઓગળતું જતું હોય. નમ્રતા પાકતી જતી હોય. કારમી નિરાશાવાળા પ્રસંગો આવે ત્યારે પણ નિશ્ચિંતતા ટકતી હોય. કર્મમાં ઊંધું પરિણામ આવે તેને છતું કરી લેવા દિલ ઉદ્યત થાય. તેવે સમયે જોમ હાલી ન જાય. મનમાં સંઘર્ષ ઊભો ન થાય અને શાંત ચિત્તે ઉકેલી શકાય. કોઈ પણ કર્મ ત્વરાથી કરવાનું હોય છતાં તેમાં હાંફળા-ફાંફળાપણું કે ધમાલ વરતાતી ન હોય. લીધેલાં કાર્યોમાં વિઘ્નો અને અવરોધો નડે, છતાં તેને ઉકેલવા માટે મથાયા કરાતું હોય. આપણે સીધું વર્તતા હોઈએ છતાં કોઈ આપણને ઉથલાવવા પ્રયત્ન કરે તોપણ તેમના પ્રત્યે સદ્ભાવ રહે. સાધનામાં ઘણી વખતે ઊંધુંચતું થઈ જાય, છતાં કળા, કુનેહ અને સૂક્ષ્મતાથી વિવેકપૂર્ણ વર્તન જન્મે—આવી તમામ પરિસ્થિતિમાં જ રાગદ્વેષ ઘટ્યા છે એમ માની શકાય.

**હરિ-સમર્પણ :**

આ બધું નિરૂપણ પૂજ્ય શ્રીમોટાએ પોતાની સાધના જે રીતે થઈ તેને દૃષ્ટિ સમક્ષ રાખી કર્યું છે. 'સાધનાની પ્રક્રિયા' અધ્યાયમાં તેઓશ્રીએ પોતાની સાધના દરમિયાન રાગદ્વેષ કેવી રીતે જીત્યા તેનું નિરૂપણ કર્યું છે. એ પોતાનું છે એટલા માટે એમણે લખ્યું નથી, પરંતુ શ્રેયાર્થીના લાભાર્થે તે દર્શાવ્યું છે. કોઈ પણ શ્રેયાર્થીને એક ડગલું પણ આગળ વધવામાં એ મદદરૂપ નીવડશે તો પૂજ્ય શ્રીમોટા એને પોતાની કૃતાર્થતા લેખશે. એમનું આ નિરૂપણ જ સાચું છે એવો એમનો કોઈ આગ્રહ નથી. તેઓશ્રી કહે છે કે પ્રભુએ જેવું લખાવ્યું એવું સામાન્ય જનને

બુદ્ધિ-તર્કથી સમજાય એ રીતે લખ્યું છે. એ લખવામાં પૂજ્ય શ્રીમોટા પોતાની મા તથા હરિ બન્નેનો આભાર માને છે. હાંજા ગગડી જાય એવી કારમી ગરીબીમાં માતાએ એમનો ઉછેર કરેલો. ગરીબ તરીકે સમાજના અનેક અન્યાય એમને સહન કરવા પડેલા. તે તે સમયે 'રાગદ્વેષથી પ્રેરાઈને કશું ન કરવું' એવો બોધ આપીને રાગદ્વેષ પૂર્ણપણે હઠાવવાની પ્રેરણા માતાએ આપ્યા કરી હતી. એથી પૂજ્યશ્રી ભક્તિભાવે માનાં ચરણે નમન કરી આભાર માને છે.

પૂજ્ય શ્રીમોટા નમ્રતાપૂર્વક જણાવે છે કે આ લખવાની મારી શક્તિ નથી. છતાં પ્રભુએ લખાવ્યું છે એટલે ખરી શક્તિ તો હરિની જ છે. ભક્તના મનમાં અત્યંત નમ્રતાનો ભાવ હોય જ છે. ભગવાનના સાંનિધ્યમાં તેને લાગે છે કે હું પોતે તો શૂન્ય છું. એવું આત્મવિલોપન અને આત્મવિસ્મરણ ન હોય તો અંતરમાં ભગવદ્‌ભક્તિનો ઉદય થવા પામે જ નહિ. પૂજ્ય શ્રીમોટાએ તો ભગવત્ પ્રાપ્તિ કરી લીધી છે. એટલે તેઓશ્રી જે ઉદ્‌ગાર કાઢે છે તે યથાર્થ જ છે, કારણ કે નારદભક્તિસૂત્ર કહે છે :–

**तत्प्राप्य तदेवावलोकयति, तदेव भाषयति, तदेव चिन्तयति ।**

(એને પ્રાપ્ત કર્યા પછી ભક્ત એને જ જુએ છે, એને વિશે જ બોલે છે અને એને જ વિશે વિચાર કરે છે.)

• • •

વાચકને પૂજ્ય શ્રીમોટાનાં આ લખાણમાં કેટલુંક વારંવાર પુનરાવર્તિત થતું લાગશે. પૂજ્યશ્રીનાં અન્ય લખાણોમાં પણ એવું ઘણું છે. એ વિશે પૂજ્યશ્રીએ જ લખ્યું છે, 'આધ્યાત્મિક લખાણમાં અને સાધના અંગેનાં લખાણોમાં એક જ વિષયની હકીકતનું અને સમજણનું લખવાનું હોવાથી કદી કદી એકનું એક લખવામાં આવે છે, અને તે કુદરતી છે. મોટા ભાગે તો કંઈક ને કંઈક નવું પણ તે એકનું એક કહેવા સાથે આવે છે

ખરું. તેમ છતાં 'એકની એક હકીકત આ તો આવી' એમ ગણીને સાધકે આધ્યાત્મિક વાંચનથી કંટાળવું નહિ.' વળી, માનવીના મનને જે વિવિધતા જોઈએ છે, તે અંગે પૂજ્યશ્રી કહે છે, 'મન દરરોજ નવા નવા રસાસ્વાદ લે, તો સંતોષાય એવું બની ગયું છે. ઇંદ્રિયોને નવું નવું ગમે છે. આ વલણમાં માનસનું છીછરાપણું વ્યક્ત થાય છે.' અન્યત્ર આ જ વિષય ઉપર લખતાં તેઓ જણાવે છે, 'અભ્યાસ તો એનું નામ કે જેમાં વારંવાર વિકાસ થવાને જ્ઞાનયુક્ત પુનરાવર્તન થયા જ કરે. આવાં પુનરાવર્તન વિના, એકની એક વાત ફરી ફરીને આવ્યા વિના, કોઈ જાતનો વિચાર કે ભાવના સ્થિર થાય નહિ.' (જીવનપરાગ, પૃ. ૧૭૨-૧૭૩.)

આના અનુષંગે કવિ-મનીષી શ્રીઅરવિંદનું યથાર્થ અવલોકન ધ્યાનપાત્ર છે. તેમણે મરમી કવિની પુનરુક્તિ અંગે એક ઠેકાણે લખ્યું છે કે એવો કવિ પુનરુક્તિ અપનાવે છે એટલું જ નહિ, કેટલીક વાર ભારપૂર્વક અપનાવે છે. પુનરુક્તિથી કાવ્યને હાનિ થતી નથી, ઊલટાનું તે તેને એકાંતિક સામર્થ્ય અને સૌંદર્ય અર્પે છે.

પુનરુક્તિઓ દ્વારા કાવ્યને એક આગવું વાતાવરણ, એક વિશિષ્ટ સંઘટના, એક પ્રકારની ચૈતસિક પરિધિ અને તેનું પોતીકું શિલ્પ પ્રાપ્ત થાય છે. એમ દર્શાવી શ્રીઅરવિંદે મરમીની કવિતાનો હેતુ સ્ફુટ કરતાં જણાવ્યું છે કે તે અનુરંજન ખાતર નહિ પરંતુ આંતરસત્યની અભિવ્યક્તિ અર્થાત્ આંતરઅનુભૂતિના આવિષ્કાર અર્થે જ કાવ્ય સર્જન કરે છે. અને એથી જ એવો કવિ સંપ્રજ્ઞાતપણે શબ્દ અને લયની યોગ્યાયોગ્યતાને તપાસવા કરતાં તેમનું સાહજિક રીતે પ્રેરણારૂપે સ્ફુરણ થાય તેની રાહ જુએ છે. એટલે જ મરમી કવિ પોતાની કવિતાને મઠારતો નથી પણ પોતાના અનુભવને અનુસરતી વાણીને યથાવત્ રહેવા દે છે.

અંતમાં અત્રે મેં જે કાંઈ લખ્યું છે, તેમાં મમત્વનો ભાવ ન રાખતાં એ પૂજ્યશ્રીનો જ કૃપાપ્રસાદ માનું છું. આ લખાણ કોઈ વિવેચનાત્મક અભિગમ ખાતર નહિ પણ **'રાગદ્વેષ'**ના સ્વાધ્યાયરૂપ વ્યક્ત થયેલું **અર્ચન** જ છે, એવો મારો ભાવ વ્યક્ત કર્યા વિના રહી શકતો નથી. એ કૃપાપ્રસાદ એમના સત્સંગનું સૌભાગ્ય પ્રાપ્ત થયાથી આરંભીને અદ્યાપિ સતત અનુભવતો રહ્યો છું, તે આજીવન કોઈ ને કોઈ રૂપે મળ્યા કરે અને આજીવન તેને યોગ્ય થવા માટે નિરંતર મથાયા કરે એમ પ્રાર્થું છું. પૂજ્યશ્રી સાથે સંકળાયેલા અને આ **'રાગદ્વેષ'**ના પ્રકાશનમાં નિમિત્ત બનેલાં તેમ જ તેના વાચકજનો સહિત હું પણ જીવનાભ્યાસમાં રાગદ્વેષને મોળા પાડવાનું શક્ય બનાવવા મથ્યા કરું એટલું જ નહિ, એ મંથનનું બળ પૂજ્યશ્રીની વિભૂતિ દ્વારા અનુગ્રહરૂપે નિરંતર પ્રાપ્ત કર્યાં કરું એવી અભિલાષા સહિત વિરમું છું.

અમદાવાદ **ઈંદુકુમાર દેસાઈ**

તા. ૨૫-૨-૧૯૭૨

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (પહેલી આવૃત્તિ)

કોઈ એક શ્રેયાર્થી ભાઈએ પૂજ્ય શ્રીમોટાને પૂછ્યું, 'મોટા, રાગદ્વેષ મોળા પડ્યા છે, એમ વારંવાર આપ પૂછો છો, પણ રાગદ્વેષ મોળા કેવી રીતે પાડવા ? વળી, રાગદ્વેષ મોળા પડ્યા છે એનું પ્રમાણ કયું ? આ બધું આપ સમજાવો તો સારું.'

પૂજ્ય શ્રીમોટા પ્રભુકૃપાથી લખે તો ખરા, પણ એ લખાણને છપાવવાનું કોઈ ખર્ચ આપે અને એ પુસ્તક વેચી આપવાની કોઈ જવાબદારી સ્વીકારે તો જ. આથી, પ્રા. ઇંદુકુમાર દેસાઈ અને શ્રી કાંતિભાઈ પટેલે (શિલ્પકાર, ચાંદલોડિયા, અમદાવાદ) અન્ય મિત્રોના સહકારથી **'રાગદ્વેષ'**નું પુસ્તક છપાવવાની તેમ જ વેચી આપવાની જવાબદારી સ્વીકારી. આથી, પૂજ્ય શ્રીમોટા વિરચિત **'રાગદ્વેષ'** લખાયું અને પ્રગટ થયું. 'જિજ્ઞાસા', 'શ્રદ્ધા', 'ભાવ' અને 'નિમિત્ત'ની કક્ષાનું આ પુસ્તક પણ શ્રેયાર્થી માટે, તેમ જ જીવનવિકાસના સાધનામાર્ગમાં પ્રવેશનાર માટે ખૂબ ઉપયોગી નીવડે એવું છે. આ પુસ્તક પ્રકાશનમાં નિમિત્ત બનવા બદલ પ્રા. શ્રી ઇંદુકુમાર દેસાઈ અને શ્રી કાંતિભાઈ શિલ્પકારનો અને આ પ્રકાશન માટે સહાય કરનાર સર્વ ભાઈબહેનોનો હાર્દિક આભાર માનીએ છીએ.

પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકોના વેચાણની સંપૂર્ણ આવક લોકકલ્યાણનાં કાર્ય માટે જ વપરાય છે. આથી, પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો સૌ કોઈ ખરીદીને જ વાંચે એવી અમારી વિનંતી છે.

**'રાગદ્વેષ'** વિશે પૂજ્ય શ્રીમોટાએ લખેલા આ શ્લોકોને વિભાગવાર ફાળવીને યોગ્યક્રમમાં ગોઠવવાનું કામ શ્રી રમેશભાઈ ભટ્ટે અને શ્રી ઇંદુકુમાર દેસાઈએ પરસ્પર સહકારની ભાવનાથી ઉમળકાપૂર્વક કરી આપ્યું છે, એની નોંધ લેતાં હર્ષ થાય છે. પૂજ્ય શ્રીમોટાની સૂચનાથી

કવિ શ્રી હેમંત દેસાઈ ગોઠવેલી વિભાગવાર રચનાને જોઈ ગયા અને કેટલાંક સૂચનો સહિત પ્રા. શ્રી ઈંદુકુમાર દેસાઈ સાથે નરોડા આશ્રમે પૂજ્ય શ્રીમોટાને એ બતાવ્યાં. પૂજ્ય શ્રીમોટાએ મોટા ભાગનાં સૂચનો સ્વીકાર્યાં અને જે ન સ્વીકારાયાં ત્યાં પૂજ્યશ્રીએ જ પોતે યોગ્ય ફેરફાર સૂચવ્યા. અંતમાં પ્રેસકોપી તૈયાર કરવામાં લેખનશુદ્ધિની દૃષ્ટિએ પ્રા. એ. જી. ભટ્ટ સાહેબે પ્રા. શ્રી ઈંદુકુમાર દેસાઈને ખંતપૂર્વકની સહાય કરેલી. **'રાગદ્વેષ'**ના આ રીતના પ્રકાશન પાછળ જે ભાઈઓએ આ પ્રકારે જહેમત ઉઠાવી છે, એમનો અમે આભાર માનીએ છીએ.

'નિમિત્ત'ની જેમ જ આ પુસ્તકની મુદ્રણશુદ્ધિ તથા પ્રૂફવાચન અંગે એ બાબતના વિશેષજ્ઞ અને પ્રાકૃતના વિદ્વાન પ્રા. શાંતિભાઈ જૈનનો સહકાર મળ્યો છે. એમના અમે અત્યંત આભારી છીએ. હરીશ પ્રિન્ટરીએ આ પુસ્તક છાપી આપ્યું, એ બદલ એમના સંચાલકો અને કર્મચારીઓનો અમે ખૂબ જ પ્રેમપૂર્વક આભાર માનીએ છીએ.

**નંદુભાઈ શાહ**
મૅનેજિંગ ટ્રસ્ટી
હરિઃૐ આશ્રમ, નડિયાદ

જુલાઈ, ૧૯૭૨

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (બીજી આવૃત્તિ)

કોઈ એક શ્રેયાર્થી ભાઈએ પૂજ્ય શ્રીમોટાને પૂછ્યું, ‘મોટા, રાગદ્વેષ મોળા પડ્યા છે’ એમ વારંવાર આપ પૂછો છો, પણ રાગદ્વેષ મોળા કેવી રીતે પાડવા ? વળી, રાગદ્વેષ મોળા પડ્યા છે એનું પ્રમાણ કયું ? આ બધું આપ સમજાવો તો સારું.’

આ પ્રશ્નમાંથી આ લઘુ પુસ્તિકાનો ઉદ્‌ભવ થયો. પુસ્તક નાનું છે, પણ તેનું મહત્ત્વ ઘણું મોટું છે. ચિંતનસહ વાચકને આ પુસ્તકનું મહત્ત્વ સમજાયા વિના નહિ રહે.

આ પુસ્તિકાના પ્રકાશનનો તમામ ખર્ચ સ્નેહીશ્રી નટવરભાઈ માધવલાલ પટેલે (બાવળા) સ્વઉમળકાભેર આપીને અમોને ઘણા ઘણા આભારી કર્યા છે. પૂજ્ય શ્રીમોટા અને આશ્રમ સાથે આશ્રમની શરૂઆતથી સંકળાઈને તેઓ આશ્રમના એક નિકટના સ્વજન બની ચૂક્યા છે.

આ પુસ્તિકાની બીજી આવૃત્તિ પ્રગટ કરતાં અમોને હર્ષ થાય છે.

**ટ્રસ્ટીમંડળ,**

તા. ૨૧-૮-૧૯૮૫ — હરિઃૐ આશ્રમ, નડિયાદ

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (ચોથી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા દ્વારા નિમિત્તયોગે જે સદ્ગ્રંથોની રચના થઈ, તેમાં કેટલાક તો એ અગાઉ ક્યારેય એટલી વિશદતાથી લખાયા ન હોય. આવી મૌલિક રચનાઓમાં **'રાગદ્વેષ'**ને ગણી શકીએ.

શ્રેયાર્થીએ રાગદ્વેષને મોળા પાડ્યા વિના આ માર્ગમાં આગળ વધી શકાતું નથી. એ અંગે લખાયા ઉપરાંત, રાગદ્વેષને કેવી રીતે મોળા પાડવા અને આગળ જતાં તે મોળા પડ્યા છે કે નહિ તેનાં લક્ષણો અંગે પણ પૂજ્ય શ્રીમોટાએ વિગતો આલેખી છે.

આ પ્રકાશનની પ્રતો હાલ ઉપલબ્ધ ન હોવાથી અમદાવાદ નિવાસી પૂજ્ય શ્રીમોટાના સ્વજન શ્રી જયંતીભાઈ જાનીના સહયોગથી આ ચોથી આવૃત્તિનું પ્રકાશન અમો કરી રહ્યા છીએ. આ માટે શ્રી જયંતીભાઈ જાની અને તેમના પરિવાર પ્રત્યે અમો આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ પૂરા સદ્ભાવથી, ખંતથી અને ચોકસાઈપૂર્વક કર્યું છે, તે બદલ અમો તેમના ખૂબ ખૂબ આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી આ પુસ્તકનું મુદ્રણ કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ પૂજ્ય શ્રીમોટાનો અક્ષરદેહ ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ. શ્રી શ્રેયસભાઈ પંડ્યાના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

આશા રાખીએ છીએ કે સ્વજનો આ પ્રકાશનને આવકારશે.

તા. ૧૯-૭-૨૦૧૬ **ટ્રસ્ટીમંડળ,**
ગુરુપૂર્ણિમા **હરિઃૐ આશ્રમ, સુરત.**

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | સાધનાપથ | ૧ |
| ૨. | સાવધાન | ૪ |
| ૩. | રાગદ્વેષ સ્વરૂપદર્શન | ૬ |
| ૪. | રાગદ્વેષ લક્ષણવિચાર | ૧૩ |
| ૫. | રાગદ્વેષનું કાર્ય | ૧૭ |
| ૬. | રાગદ્વેષક્ષય અનિવાર્યતા | ૨૨ |
| ૭. | રાગદ્વેષક્ષય અભ્યાસ | ૨૬ |
| ૮. | સાધનાની પ્રક્રિયા | ૩૧ |
| ૯. | રાગદ્વેષક્ષય પ્રમાણ | ૩૭ |
| ૧૦. | પ્રયોજન અને પ્રમાણ | ૪૨ |


❑

# રાગદ્વેષ

❑

પૂજ્ય શ્રીમોટા

**‘હું સર્વત્ર વિદ્યમાન છું.’**

‘જીવન દર્શન’, ૧૧મી આ., પૃ. ૪૩૧

**- શ્રીમોટા**

હરિ:ૐ

## અધ્યાય : ૧

# સાધનાપથ

(અનુષ્ટુપ)

‘ઈશ’ પારખવાકેરા ને અનુભવવા હૃદે,
યાહોમ ઝંપલાવાથી પ્રગટે જોમ ભાવ એ. ૧

થવાને સાધના ભવ્ય શક્તિ જે પુરુષાર્થની
-જીવને એકધારી તે, હૈયે ના પ્રગટી હજી. ૨

દુર્લભ પામવું સાચે ‘યાહોમ’ તે કર્યા વિના,
આચરવો ઘણો ભારે સાધનાપથ યજ્ઞ આ. ૩

ધ્યેય જીવનનું પાકું નિશ્ચિત તે પૂરેપૂરું,
થયા વિના જ સંપૂર્ણ ઊગે જોમ ન દિલનું. ૪

છતાં સંસ્કાર તો ઊંડા જરૂર કેળવાય તે,
તેથી તો દિલમાં મંડ્યા રે’વાનું ત્યાં જણાય છે. ૫

સાધનાભ્યાસમાં લક્ષ પરોવાય જ જેટલું,
વધુમાં વધુ તે લાવે પરિણામ જ તેટલું. ૬

સ્મરણ, પ્રાર્થનાભાવ, ભજનકીર્તનો થયે,
નિવેદન થતું જે કૈં રે’વું તે કરતાં હૃદે. ૭

વૃત્તિ, વિચાર, સંબંધ થતાં જે હોય કર્મ તે
-કર્મના વ્યવહારેયે, સમર્પ્યાં કરવાં પદે. ૮

ખુલ્લા સંપૂર્ણ હૈયાથી, થવું જે તે નિવેદીને
-શું નિખાલસતા સ્પષ્ટ પૂર્ણ આચરવાની છે. ૯

છોડવી તે ઘટે પૂર્ણ ઝંખના પરિણામની,
કોઈ પ્રકારની ઊંડી ઝંખના ભાવ મારશે. ૧૦
મંડ્યા જ માત્ર રે'વાનું એકધારું નિરંતરે,
લાભ જોવાનું મૂકીને ઝોક દેવો જ મંડવે. ૧૧
'જેટલો ગોળ ઘાલીશું થવાનું ગળ્યું તેટલું.'
નિશ્ચિત વાત તે પાકી તેવું જ સાધનાતણું. ૧૨
ઠામે પહોંચવા માટે ભર્યાં ત્યાં ડગલાં જવાં,
છેડો છે આવવાનો ત્યાં ચાલતાં ચાલતાં સદા. ૧૩
પ્રભુપ્રીત્યર્થ સૌ કર્મો આચરતાં જવું સદા,
પ્રભુને મોખરે ધારી, એને મહત્ત્વ દો સદા.
ભાગવું ના કશામાંથી પ્રાપ્ત કર્તવ્યથી કદા. ૧૪
વધતાં, બઢતાં ભાવ સાધનાભ્યાસમાંથી તે,
ભાવ વાપરવાનો તે પાછો તો સાધના વિશે ૧૫
સદ્ભાવ સૌ મળેલાંમાં ઊંડો ઊંડો જ કેળવી,
સહાનુભૂતિ ને ઓથ કરો આપ્યા ચહી ચહી. ૧૬
બીજાને ધારવાકેરું ભાન તો ભૂલવું પડે,
અંતર્મુખ થવાનું ના શક્ય તેના વિના હૃદે. ૧૭
જીવસ્વભાવ ને ટેવો સૌ સમજણ, આગ્રહો
-છોડતાં તે જવાકેરી જાગૃતિ દિલ ધારજો. ૧૮
મતાગ્રહથી સંપૂર્ણ થવાનું મુક્ત છે ખરે !
મડાગાંઠો પડેલી તે કાઢવા મથજો પથે. ૧૯
પોતાનામાં જ સંપૂર્ણ રે'વાય જેટલું ઊંડું,
તેટલું ફળદાયી છે, નિશ્ચયે તે પ્રમાણવું. ૨૦

લોભમોહાદિ વૃત્તિથી ભૂલેચૂકે કદી પથે,
આચરવાં ન કૈં કર્મ, ચેતતા રે'વું તે વિશે. ૨૧
પરમાર્થે અને ત્યાગે ઊંડેરો રસ દાખવી,
થજો એવાં જ કર્મોમાં ઉદ્યત જ્ઞાનભાવથી. ૨૨
હૈયાનો ભાવ છે ઊંડો ઊંડો શો પ્રભુને વિશે !
-પરોવવાતણું ભાન પાડવી ટેવ ધારવે. ૨૩
'ભાવ કેળવવા કર્મ' સંબંધ વ્યવહારમાં
-એ પ્રત્યે લક્ષ પ્રેરીને વર્તતા રે'વું સર્વદા. ૨૪
લાગેલાં શાં રહેલાં છે, સ્વાર્થનાં કર્મ જીવને,
ચિત્ત લાગ્યા વિના ભાવે સ્વાર્થ મોળો પડે ન તે. ૨૫
સ્વાર્થ મોળો પડ્યા વિના પ્રભુમાં લક્ષ જાય શેં ?
સંસારનાં બધાં કર્મે ગૌણત્વ પ્રગટ્યા વિના,
પરોવાનું પ્રભુમાં તો કદાપિ શક્ય થાય ના. ૨૬
સ્મરણ, પ્રાર્થના હૈયે તેથી નિત્ય કર્યાં જવાં,
ઊણપ આવવા દેવી તેમાં જરા ન દિલમાં. ૨૭
જેની દોરવણી ઇચ્છો તેની સન્મુખતા હૃદે
-જેટલી ભાવનાવાળી તેટલી વધુ યોગ્ય તે. ૨૮
આ સૌ વર્ણવ્યું, તેનો હેતુ છે માત્ર એટલો,
કે આમ વર્તવાથી તો રાગદ્વેષ ઘટે જ સૌ. ૨૯

●

હરિઃૐ

## અધ્યાય : ૨

# સાવધાન

(અનુષ્ટુપ)

રાગદ્વેષતણી જાળે ફસાવું નહિ કોઈ દી,
એની તે ચાલબાજીમાં છેતરાવું નહિ કદી. ૧

પોતે સાવધ સંપૂર્ણ રાગદ્વેષ ન રાખવે
-યોગ્ય, જે હોય તે તેમ આચરો સહુ જીવને. ૨

રાગ ને દ્વેષની સાથે સમાધાન જ હોય ના,
શ્રેયાર્થીને પડે પૂર્ણ તે ધાડપાડુ જીતવા. ૩

શા અધકચરા યત્ન ને અધવચલા બધા,
નકામા જાય તે સર્વ રાગ ને દ્વેષ જીતવા ! ૪

છો ગમે તેટલા મારો ફટકા એકબીજા પરે,
રાગદ્વેષ છતાં તાજા ને તાજા જ રહ્યા કરે. ૫

નાખવા છૂંદી સંપૂર્ણ યોગ્યતા નહિ જીવની,
ખુદાનો કોક બંદો તે રાગદ્વેષ જીતે સહી. ૬

ઉન્મત્તકારી ભારે શો રાગ ને દ્વેષનો નશો !
ચઢાવી ઘેન કેવું એ તોફાનો કૈં કરાવતો ! ૭

શુદ્ધ બુદ્ધિ ન એવામાં પ્રવર્તેલી લગાર છે,
એના તે બોલવામાં તો કશો ના ભલીવાર છે. ૮

રાગદ્વેષ નશે કેવાં કેટલાં થાય છે ફના,
તત્પર તે થતાં તોયે રાગદ્વેષે ફરી ખરાં. ૯

જાળે કરોળિયાકેરી જંતુ જેમ ફસાય છે,
રાગદ્વેષતણા ફંદે તેમ જીવો ફસાય છે. ૧૦

આમળો, વળ ના મૂકે બળી જાય ભલે પૂરા,
શા રાગદ્વેષ એવા તે માથાભારે પૂરેપૂરા ! ૧૧

થવું છે પર જેનાથી તેના યોગ્ય સ્વરૂપને,
એનાં તે સર્વ પાસાંથી જાણી લેવું ખરે ઘટે. ૧૨

•

હરિ:ૐ

## અધ્યાય : ૩

# રાગદ્વેષ સ્વરૂપદર્શન

(અનુષ્ટુપ)

જ્યાં જ્યાં છે રાગ, ત્યાં ત્યાં શો પૂર્વગ્રહ થતો રહે !
આડાંફેલાં જ તેમાંથી કેવાં કેવાં જ જન્મશે ! ૧

રાગમાંથી જ જન્મે છે, જીવને દ્વેષભૂમિકા,
રાગ ને દ્વેષનું તેથી દ્વંદ્વનું જોડકું તહાં. ૨

એકબીજાની સંગાથે સંકળાયેલ ઉભયે,
જીવકક્ષાની સ્થિતિમાં સંયુક્ત વળગેલ છે. ૩

ઊર્ધ્વના ક્ષેત્રમાં રાગ જીવને જાગતાં હૃદે,
જન્માવે છે જ ત્યાં રાગ કેવી પકડ સજ્જડે ! ૪

જેમાં રાગ છે સંપૂર્ણ તદાકાર જ તે વિશે,
-આપમેળે થવાયે છે, રાગનો ગુણધર્મ તે. ૫

જીવકક્ષાતણો રાગ પોતાની માગણી થકી
-જ્યાં સંતોષ ન પામે છે, જન્મતો દ્વેષ તે થકી. ૬

રાગ ને દ્વેષનો એવો સંબંધ જોડકાંતણો,
રાગ ને દ્વેષ તેથી તો જોડકાંરૂપ તે ગણ્યો. ૭

રાગદ્વેષ લૂંટારા છે, ધાડપાડુ જ વાટમાં,
તેથી તેના થકી મુક્ત થવાને ધારવું સદા. ૮

રાગદ્વેષતણી ચાલ પ્રપંચી કપટી ઘણી,
બુદ્ધિને પાશ ઊંડો તે લગાડી દે નર્યો વળી. ૯

રાગદ્વેષ મહામારી જેવો શો રોગ જીવને,
ખલાસ તે કરી નાખે જીવન સર્વ આખરે. ૧૦

રાગદ્વેષ સ્વયં કેવા છે ભયંકર જીવને !
છતાં તેવા ન દેખાતા એની એવી ખૂબી જ છે. ૧૧

'મૂર્ખામી કરી બેસે છે, છતાં તેનું ન ભાન છે,'
છે રાગદ્વેષ એવા કે ભુલાવે ભીંત આખરે. ૧૨

જેનામાં ભળવા ધર્મ, જેનામાં ગળવાતણો
-ધર્મ, તે સત્ય ભુલાવી રવાડે તે ચઢાવી દે. ૧૩

લડાવી મારવાની શી રીત કૈં એની ઓર છે !
જાણે નિસ્બત તે સાથે એમ ના, એમ વર્તશે. ૧૪

'પોતે શા માત્ર સાચા છે, પૂરેપૂરા બધી રીતે !'
રાગદ્વેષ મનાવ્યા તે કરે એવી રીતે ખરે. ૧૫

યોગ્યપણું બીજાનું તે જોવા તૈયાર ના કદી,
નકામા તે પીડે ખાલી મથે મનાવવા તહીં. ૧૬

તે ઉતરાવવા ના દે કેમેયે સાચું તો ગળે,
મતાગ્રહો પૂરેપૂરા શા જકડાવી રાખશે. ૧૭

નોખા પડાવવા કેવા પેંતરા તે ઘડ્યા કરે,
દુષ્કર ભેદવી જાળ રાગ ને દ્વેષની ખરે ! ૧૮

પોતાના કરતાં બીજા રાગદ્વેષ ઊભા કરે
-નિજના અંતરે, પાછા રમાડે તેમની રીતે. ૧૯

રાગદ્વેષ મહાભારે જિતાવા ખૂબ દોહ્યલા,
જેમ જેમ હણો તેને તેમ તેમ વધ્યા કરે. ૨૦

અનેક મસ્તકો એને તોડતાં એક, તો બીજું
-ક્યાંકથી નીકળે ફૂટી, એવો એનો પ્રભાવ છે. ૨૧

શો રાગદ્વેષ સંસાર સદા વિસ્તરતો રહે,
કદીયે તે ઘટે છે ના, જાણે છે વધવાનું તે. ૨૨

રાગદ્વેષ શું જન્માવી અનેકાનેક કૈં નવું,
તેમાં જ માત્ર જાણે તે પરોવાવી રખાવવું. ૨૩

મરી ગયા સમા કેવા સંપૂર્ણ લાગતા છતાં,
સજીવન પૂરેપૂરા અંતરે તે પડેલ ત્યાં. ૨૪

રાગદ્વેષ કદી છાલ પોતાનો નવ છોડી દે,
ભલે જુદ્ધો પડે તોયે આમળ્યા વળ શા કરે ! ૨૫

રાગદ્વેષતણી ભારે તર્કજાળ શી ફાંકડી !
હારતાં દલીલે એક રાચે યુક્તિ બીજી નવી. ૨૬

એમને ખોળવા ક્યાંયે પડે ના જવું આગળે,
ખજાનો શો ભરેલો તે એમનો ભરપૂર છે ! ૨૭

ગમેયે તેટલો ખાલી કર્યે તે ખાલી ના થશે,
નફાનું શું કમાવાનું રાગદ્વેષનું ઓર છે. ૨૮

કેવા ને કેટલા મોટા એના તે રાફડા બધા !
નવા નવા ઊભા થાયે ભલે હો તોડતાં છતાં. ૨૯

ઊંડા કળણમાં કેવું ઊતરાવ્યા કરે સદા !
રાગદ્વેષતણી એવી સ્વભાવની ગતિ તદા. ૩૦

રાગદ્વેષ ન મંડાવા દે માંકડી વિકાસની,
એકના એક વર્તુળે ચકરાવે ચઢાવી દે. ૩૧

રાગદ્વેષની જંજાળે ફસાયા એકવાર જો,
નીકળાવું શું તેમાંથી મહામુશ્કેલ છે જ તો. ૩૨
રાગદ્વેષ ઘડે ઘાટ વિરોધોના બહુ રીતે,
ફાંસલામાં ભરાવી તે દેવા તત્પર હોય છે. ૩૩
છળકપટ ને ગૂઢ વાપરે કૂટનીતિ તે,
છતાં તેને પ્રમાણે તે પરખાવા ન દે કશે. ૩૪
હોય તેનાથીયે જુદું બીજું દર્શાવવા મથી
-રાગદ્વેષ નચાવે શા અનેક રંગભાતથી. ૩૫
પેરવી કેવી કેવી તે લઢાવ્યા કરતા રહે,
રાગદ્વેષતણો એવો ચીલો કેવો પડેલ છે ! ૩૬
કેવી વિપુલતા ભારે, શી અમર્યાદિત ખરે !
શા રાગદ્વેષ એવા તો હણવા ખૂબ દોહ્યલા ! ૩૭
ઓળખાયા છતાં તેને પૂરા ના ઓળખી શકે,
રાગદ્વેષની માયા એ ઓળંગાવી ન શક્ય છે. ૩૮
રાગદ્વેષતણું જોશ વધતાં વધતાં વધે,
પછી પ્રચંડ શાં પૂરે એની તાણ અનંત છે ! ૩૯
તરવૈયો ભલે ભારે ઘોડાપૂરની ખેંચ જ્યાં,
આવે ડુબાડી દેવાને વમળો ભમરાળ ત્યાં ! ૪૦
એમાંથી જો બચ્યા ત્યારે તૈયાર બીજી ઘાંચ છે,
દેવા ફસાવી સૌ વાતે કેવા તે હોશિયાર છે ! ૪૧
જતાં મનાવવા એને નાક ઊંચું ચઢાવીને,
તત્પર કોઈ રીતિએ સામે જોવાય તે ન દે. ૪૨

રાગદ્વેષ ભૂંડા ભારે તેવા દેખાય ના છતાં,
કદીક સ્વાંગ તો ભવ્ય સૌંદર્યવાન શા કશા. ૪૩
એમને તો રહી છૂપા કામ કરવું છે ઊંધું,
'ચાહે છે તે ભલું' એવું દૃશ્ય કૈં બતલાવતું ! ૪૪
પેટમાં પેસીને કેવી ભોંકી દે છરી કારમી,
વિશ્વાસઘાત સંપૂર્ણ કરવે હોશિયારી શી ! ૪૫
એકવાર જતાં હારી રાગ ને દ્વેષ શા પછી,
ઘોડેસવાર થૈ કેવા જતા તે આપણી પરે ! ૪૬
દેવા હરાવી ખેલે છે, કેવા દાવ જુદા જુદા !
એકથી જો ન ફાવે તો બીજો ખેલે નવો તદા. ૪૭
છે રાગદ્વેષ ડાકુઓ હરાયાં ઢોરના સમા,
સ્વચ્છંદતાથી જ્યાં ત્યાં એ ચર્યા શા કરતા સદા ! ૪૮
શા રાગદ્વેષ છે પાકા આડા ઊર્ધ્વ વિકાસમાં,
રોકી રાખે પૂરેપૂરા ન દે કેમેય ઊડવા. ૪૯
ચાલબાજી કરે કેવી રાગદ્વેષ શું કારમી !
ફસાવવા મથે કેવું ભોળવી ભોળવી રમી ! ૫૦
અનેક ચાલબાજીથી કેવું પછાડવા મથે !
સંપૂર્ણ ચાહતા કેવું એ નવરાવી નાખવા ! ૫૧
સકંચામાંથી પોતાના તે ના છટકવા જ દે,
માયાજાળ વિશે પૂર્ણ દેવા ફસાવી તે મથે. ૫૨
રાગદ્વેષની ઘાટી કૈં જે પ્રમાણેની હોય છે,
તેને ચીલે ચીલે પોતે ઢસડાવ્યા કરે પથે. ૫૩

શા રાગદ્વેષના ફાંટા જુદા જુદા વિવિધ છે !
સ્વરૂપો એમનાં સર્વે જીવને જાણવાં ઘટે. ૫૪

રાગદ્વેષતણા કેવા જુદા જુદા પ્રકાર છે,
અનેક બાજુના એવા ટાળવાના જ સર્વ તે. ૫૫

ફંટાવાને મથાવે છે, રાગદ્વેષ ચીલેથી તે,
નાખવાની ઊંધા પાડી પેરવી શી અનેક છે ! ૫૬

મળેલાં કર્મમાં ફાંસ રાગદ્વેષ શું મારવા !
દેખાય અંતરે કેવા પોતે તત્પર ! દક્ષ શા ! ૫૭

હરાયાં ઢોરના જેવા રાગદ્વેષ પ્રમાણવા,
સાધકે ચેતી ચેતીને એનાથી ચાલવું સદા. ૫૮

ભુલાવામાં પડાવીને આપણા કરતાં વધુ
-બીજાના દોષ દર્શાવ્યા સુઝાડ્યા તે કરે ઊંડું. ૫૯

કેવા પૂર્વગ્રહો ઊંડા સજ્જડ તે વધારીને,
સુમેળ ના થવા દેતા તે રાગદ્વેષ જીવને ! ૬૦

ઊંધાં ચડાવડાવે છે, ચશ્માં નયન તેથી તે
-જુએ એ જ પ્રમાણેનું, બીજું ના નજરે પડે. ૬૧

ગૂંચવાડા વિશે જ્યારે પડેલા હો જ જીવને,
રાગદ્વેષ ઉકેલાવા ના દે ઉપાય કોઈએ. ૬૨

વધારે ગૂંચવાડો તો પ્રેરાવે છે જ જીવને,
શા રાગદ્વેષ એવા તે ક્લેશ ઊભા નવા કરે ! ૬૩

ચેતેલા હો છતાં કેવા ભૂલા તોય પડાવવા,
રાગદ્વેષ છૂપું કેવું મથે પોતે હરાવવા. ૬૪

એનાં જુદાં જુદાં પાસાં કેટલાંયે વિવિધ છે,
તે ભરમાવી દેવાને પૂરેપૂરા સમર્થ છે. ૬૫
એની તે ચાલબાજીને કોઈ સમજવા કશા
-પૂરી તાકાતવાળા ના, તે રાગદ્વેષ શા બધા ! ૬૬
કરે છેતરપિંડી શી ગૂઢ ને ગુહ્ય રીતિએ,
પકડાતાં છતાં પોતે છોભીલા પડતા ન તે. ૬૭
શા રાગદ્વેષ કૂટસ્થ અદ્વિતીય પ્રકારના,
જીવને તે પૂરેપૂરા કેવા મુશ્કેલ જીતવા ! ૬૮
એના શા પેંતરા કેવા એક એકથી ગૂઢ છે !
જણાઈ તે શકાવાને સ્હેલા ના એટલા બધા. ૬૯
રાગદ્વેષ કરાવે છે, કેવી કેવી ભૂલો પથે !
ઊંચે ડગ ભરાવાને ફાંસલા શા મૂકે પથે ! ૭૦
રાગદ્વેષ બડાઈઓ હાંક્યે રાખે નવી નવી,
કોતરી માંહ્યલાને તે ખાય કુનેહથી કરી. ૭૧
જીવનતત્ત્વને કેવું હણાવવા જ તત્પર,
તે રાગદ્વેષ કેવા છે, ખંધા શા ધાડપાડુ જ. ૭૨
ગેરસમજૂતો ઊભી રાગદ્વેષથી થાય છે,
દુશ્મનાવટ કેવીયે ઉગ્ર એવાથી તો વધે. ૭૩
રાગદ્વેષનું કૂંડાળું કેમે કરી વીંધાય ના,
યોદ્ધો પરાક્રમી જે છે, તેનો ફાવે જ દાવ ત્યાં. ૭૪

●

હરિ:ૐ

## અધ્યાય : ૪

# રાગદ્વેષ લક્ષણવિચાર

(અનુષ્ટુપ)

નયને આંધળા પાટા રાગદ્વેષથી તો ચઢે,
ને રાગદ્વેષ હોવાથી સત્ય ના નજરે ચઢે. ૧

આડફંટે જ દોરી શા રાગદ્વેષ લઈ જતા !
અશાંતિ, ક્લેશ ને ચિંતા ઉપજાવ્યા કરે નર્યાં. ૨

રાગદ્વેષ બીજામાંનું સત્ તત્ત્વ ના જ નીરખે,
જોવરાવે ઊંધું કેવું ! એની શી ભ્રમજાળ છે ! ૩

રાગદ્વેષ બધી રીતે જીવનસત્ત્વને હણે,
સદ્ભાવ મારી નંખાવે રાગદ્વેષ સ્વભાવ તે. ૪

કશું શુભ બીજામાંનું દેખાવા દે ન અંતરે,
ઊલટું ઊંધું મિથ્યા તે વિચારાવે બીજા વિશે. ૫

શા રાગદ્વેષ તેના તે બીજાનામાં પરોવીને,
તે રાગદ્વેષ તો એવા 'જીવનમૃત્યુ'નોતરે. ૬

રાગ ને દ્વેષને તેથી ગીતામાં 'ધાડપાડુ તે'
-કહ્યા તે કેટલું યોગ્ય, બુદ્ધિથી સમજાય છે. ૭

નિરાંતે જંપવા ના દે, લક્ષ ચોંટાડવા ન દે
આડાતેડા ભમાવીને આડે પાટે ચઢાવી દે. ૮

રાગ ને દ્વેષથી એથી પરખાયેલું જે હશે,
તેમાં સત્ય પૂરેપૂરું હોવા ના શક્યતા દીસે. ૯

રાગદ્વેષ થકી કેવા અન્યાય કરતાં બધાં !
બીજાને ન્યાય દેવાની તૈયારી ‘તેમની’ ન ત્યાં. ૧૦

રાગદ્વેષ શું સદ્હેતુ પરખાવા ન દે કશે,
‘પોતે ભોગ થયેલા શા’ એવું મનાવરાવશે ! ૧૧

બુદ્ધિમાં ઊતરેલું જે ઝેર તે નવ નીકળે,
રાગદ્વેષ વધાર્યાં તે કરાવ્યા કરશે પથે. ૧૨

‘રાગદ્વેષ ટૂંકાવી દૈ સંકુચિત કરાવી દૈ
-દૃષ્ટિ સંપૂર્ણતાથી જે’ તેને યોગ્ય મનાવશે ૧૩

આમતેમ ભમાવીને ચકરાવે ચઢાવીને
-એકના એક કૂંડાળે નિત્ય નિત્ય ભમાવશે. ૧૪

થતું હો શ્રેષ્ઠ, પ્રત્યક્ષ જાણ્યામાં તે જ આવ્યું છે,
શા રાગદ્વેષ તેમાંયે ફણગા કૈં ઉગાડશે ! ૧૫

સ્પષ્ટ ઉકેલના જે હો ઉપાય, સૂઝવા ન દે,
ગૂંચ ઉકેલવાકેરી તૈયારી ઊગવા ન દે. ૧૬

યોગ્ય યોગ્ય રીતે કેમ કોકડાંને ઉકેલવું,
સૂઝ એનીય તે કેમે પડવા દે ન દિલ શું ! ૧૭

ઠેકાણું પડવા ના દે પાછો દોષ બીજા પરે,
જન્માવવા મથે કેવું રાગદ્વેષ શું અંતરે ! ૧૮

વાંધા અનેક ઉઠાવ્યા રાગદ્વેષ કરે સદા,
એક જ્યાં ના પત્યું હોય બીજું ઊભું કરે તદા. ૧૯

કુસંપ તે વધારે છે, સુમેળ તે થવા ન દે,
એવા એ રાગ ને દ્વેષ સંપૂર્ણ ત્યજવા ઘટે. ૨૦

બેસવા દે ન જંપીને એની એ ઘટમાળમાં,
પરોવાવ્યા કરાવે છે, શા રાગદ્વેષ પંથમાં ! ૨૧

પ્રકૃતિકેરી માયાને જીવદશાથી જીવન,
વધારે ને વધારે તે કર્યાં બદ્ધ કરે પથ. ૨૨

શા રાગદ્વેષ એવા કે જીવદશાની વૃત્તિને,
-વધારે ને વધારે તે બ્હેકાવી જીવતી કરે ! ૨૩

નિમ્ન ગતિ વિશે કેવું ચોંટાડી જીવને જ દે !
ઉખેડાવા ન દે એને રાગદ્વેષ સ્વભાવ તે. ૨૪

જીવદશા વિશે ઊંડું અહં સંપૂર્ણ હોય છે,
રાગદ્વેષતણું મૂળ અહં, તે તું પ્રમાણજે. ૨૫

રાગદ્વેષ થકી થાય કેવું તેજસ્વી હુંપણું !
અહં એવું થતાં, તેજ કામક્રોધાદિનું થવું. ૨૬

હુંપણાથી જ શી પાકી પકડ પ્રકૃતિની જે
-ઊંડી પ્રસરતી રહે છે, જેમાં તેમાં બધાં વિશે. ૨૭

રાગદ્વેષ ભુલાવા ના દે તકરારને જરી,
ઘા તાજો કરાવ્યા શો કરે ઊંડો ઊંડો ચહી ! ૨૮

સકંચામાં રખાવ્યા તે નર્યા તંગ કરે ખરે,
ઝઘડા શા નવા ઊભા કરાવ્યા કરતા જગે ! ૨૯

ભલેને ગમતું ના હો, તેમાંયે તમને નવા
-નવા સ્વાદ ચખાડીને ભેરવી દે પ્રપંચમાં. ૩૦

'કરે હેરાન બીજા શાં ખાલી ખાલી અયોગ્ય તે !'
મનાવરાવી તે એવું ઊંચી બાંય કરાવશે. ૩૧

રાગદ્વેષ ભભૂકે જ્યાં મર્યાદા કોઈ ત્યાં ન ર્હે
-ગમે તેવો ભલે ભારે, છતાં તે આવરાય છે. ૩૨

રાગદ્વેષ બધાંનેયે આવરાવ્યા કરે સદા,
જીવનસત્ત્વ લૂંટી લે રાગદ્વેષ જ સર્વથા ! ૩૩

રાગદ્વેષ થતાં કેવી લક્ષ્મીશક્તિ હણાય છે !
તંગ કેવું થવાવાયે, નિશ્ચિતતાય ના ટકે. ૩૪

એકાગ્રતા જ સંપૂર્ણ ભૂમિકામાં ન પાંગરે,
તે રાગદ્વેષ છે કેવા વિરોધાત્મક જીવને ! ૩૫

●

હરિઃૐ

## અધ્યાય : ૫

# રાગદ્વેષનું કાર્ય

(અનુષ્ટુપ)

રે'વાનું એક ઠેકાણે જેને ના ગમતું કદી,
દોડાવી દૃષ્ટિ ચોમેર પડાવે તે તરાડ શી ! ૧

રાગદ્વેષ પડાવે છે, બધામાં ભેદ અંતરે,
એકત્વ ભાવનું ખૂન રાગદ્વેષ સદા કરે. ૨

છો વ્યવસ્થિત સંપૂર્ણ ગમે તેટલું હોય તે,
છતાં વિખેરી નંખાવી યદ્વાતદ્વા બધું કરે. ૩

એકત્વ છેદવા કેવી જેની તત્પરતા સદા,
સુમેળ ને વ્યવસ્થા છો હો પૂરેપૂરી તે છતાં,
રાગદ્વેષ શું તૈયાર તે તે સૌ ઉથલાવવા !
ઉદ્યત ચાર હાથે તે હૈયે ઉત્સુક સર્વદા. ૪-૫

તોડી ફોડી જ નંખાવી ઊંધું વેતરવું બધું,
શી રાગદ્વેષની એવી સર્વોત્તમ કળા કથું ! ૬

નીચે ઉપરથી ફેંકી ચણેલું સર્વશ્રેષ્ઠ જે,
ફેંદી ફેંદી ઉકેલાવી ભોંયભેગું નર્યું કરે. ૭

ચોંટાડી તે રખાવે છે, જીવન નિજ પાશમાં
ઊંચે ના ચઢવા તે દે શી રાગદ્વેષ શક્તિ ત્યાં ! ૮

પુરુષાર્થો કમાયા હો તપશ્ચર્યા મહા થકી
-જીવનશક્તિ, તેને શી રફેદફે કરે કશી ! ૯

ઉત્તમોત્તમ હો કર્મ શા રાગદ્વેષ કિંતુ ત્યાં
-કેવું ઊંધું વળાવે છે, પ્રત્યક્ષ તે પ્રમાણ્યું છે. ૧૦
પ્રાપ્ત જે કર્મ તેમાંથી કદી ચ્યુત થવાય ના,
થવા ચ્યુત શું પ્રેરે ત્યાં રાગ ને દ્વેષ કારમા ! ૧૧
કંટાળો પ્રાપ્ત તે કર્મે રાગદ્વેષ ઉગાડીને,
દેવા ફેંકાવી મંડાવે વિક્ષિપ્ત તે કરાવીને ! ૧૨
આડાંફેલાં ઊભાં કેવાં રાગદ્વેષ કરાવશે,
લફરાં નિત્ય તે કેવાં નવાં ફેલાવશે પથે ! ૧૩
ઉત્સાહના વિકાસે શી ફાચર તે પડાવશે !
રાગદ્વેષતણો કોઈ ભરોસો કરશો ન કૈં. ૧૪
રાગદ્વેષ શું અંધારે અજ્ઞાનમાં રખાવીને !
અંધારામાં દઢાવીને ટંટાફિસાદ પ્રેરશે. ૧૫
કદી બે દિલને એક રાગદ્વેષ થવા ન દે,
ફાટ પડાવવા નેમ એમની નિત્ય હોય છે. ૧૬
હોય તેનાથી ઊંધું એ વિચારાવી જ કૈં બીજું,
બીજાંથી વેગળા કેવા કરાવ્યા તે કરે બહુ ! ૧૭
નિકટ આવવા ના દે રાગદ્વેષ શું જીવને !
વેગળા વેગળા કેવા રખાવાને મથાવશે ! ૧૮
કદાપિ દિલને ભેળાં એકત્વ ભાવના વિશે
-રાગદ્વેષ થવા ના દે, એવો એનો સ્વભાવ છે. ૧૯
કેવી કુંઠિત બુદ્ધિને રાગદ્વેષ કરાવશે !
કદી મેળ થવા ના દે, વાડ વચ્ચે રચાવશે. ૨૦

રાગ ને દ્વેષ તેથી તો તે યથાર્થ જ છે ખરે
-ધાડપાડુ અને ચોર, ડાકુ ખરેખરા જ તે. ૨૧
શ્રેયાર્થીને હ્રદે ઊંડી જ્યાં મુશ્કેલી વિકાસમાં
-નડતી તીવ્ર ત્યાં, તે તો મથે તેને નિવારવા.
શા રાગદ્વેષ સંહારે તમન્નાના શહૂરને !
એકાગ્રતા શી બંધાતી વેરવિખેર તે કરે ! ૨૨-૨૩
શા વાંધાવચકા પ્રેરે તે રાગદ્વેષ જીવને !
મથાવાના જ ઉત્સાહે પાણી તે કેવું રેડી દે ! ૨૪
ધ્યેય પરત્વેનો ભાવ સંવર્ધવા ન દે પથે,
તેનું જોશ અને વેગ તેમાં ધક્કો લગાડી દે. ૨૫
ભાવના જાગવા અર્થે શક્યતા તેથી તો ઘટે,
જોશ, ઉત્સાહ નંખાવે મારી તે સર્વ જીવને. ૨૬
પાંગરવા ન દે કેમે ભૂમિકા શ્રેયપંથની,
રાગદ્વેષ પડાવે છે, તરાડ મોટી મૂળથી. ૨૭
ટંટાફિસાદમાં નિત્યે રાગદ્વેષ પરોવી દૈ,
કેવાં નવાં નવાં ફેલાં નિત્ય પેદા કરાવશે ! ૨૮
રાગદ્વેષ મથાવે છે, કિંતુ શું આડફંટ તે,
રાગદ્વેષ જવા આડું કેવું પ્રેરાવવા મથે ! ૨૯
કદીક ઊતરાવે છે, દુશ્મનાવટ જીવને,
જગાડ્યા કરી કેવાં તે તડ નવાં પડાવશે ! ૩૦
કદાપિ એક કેમેયે થવા ના દે પરસ્પરે,
અંતર ઊલટું કેવું વધારવા કર્યાં કરે ! ૩૧

તકરારો જગાડીને નવું ખેડાણ તે કરી
-ખેતી ઉગાડીને ફાલ, કેવો ઊભો કરે ચહી ! ૩૨
જીવનહ્રાસ કેવો તે અજાણેયે કરાવશે,
રાગદ્વેષતણું એવું જોશ, તોય અજાણ્યું છે. ૩૩
લૂંટી લે છે ધીમે ધીમે જીવનશક્તિ મૂળથી,
રાગદ્વેષ થવા ના દે, ભાવની વૃદ્ધિ ભાવથી. ૩૪
ચાડીચુગલી ને નિંદા દુર્ગુણો તે પ્રકારના,
રાગદ્વેષથી ફેલાયા વિના કેમે રહે જ ના ૩૫
માથું તે નમવા ના દે, અહંને તે સ્ફુરાવીને
-રાગદ્વેષ કરાવે તે ખોટું ખોટું ખરેખરે ! ૩૬
સાંકડાં સાંકડાં કેવાં મનાદિને કરાવી દૈ,
રચી કૈં અંતરે ભેદ અસહિષ્ણુ બનાવશે. ૩૭
'પોતે ધારેલું તે માત્ર સાચું છે' એમ ધારીને
-તે રીતેથી થવાને તે શી માથાકૂટ આદરે ! ૩૮
પોતે રચેલી જે બાજી ને ગોઠવેલું હોય જે,
તે જ તે ચોકઠે તેને બેસાડવા ઘણું મથે. ૩૯
છોડે ના છાલ તે કેવું પડી પડી જ પાછળે !
એકના એક કૂંડાળે ફેરવાવ્યા ખરે કરે ! ૪૦
આદું શું ખાઈને પાછા રાગદ્વેષ ચગાવીને
-ઝાઝો ના પડવા દેતા, ફેર પરિસ્થિતિ વિશે ! ૪૧
તત્પરતા ભલે હોય છતાં તેના જ ભાવને
-ઉત્કૃષ્ટ વધવા ના દે, ઠેરના ઠેર રાખશે. ૪૨

જે તે કૈં હાથ લીધેલું જે હોય તે વિશે સદા,
મુશ્કેલી, વિઘ્ન ને પ્રશ્નો ઉપજાવ્યા કરે ખરા. ૪૩
તણખો કરી પેદા એ રાગદ્વેષ જલાવવા
-વધુ તેજ થવા કેવો ભાગ તે ભજવે સદા ! ૪૪
ભેળાવા દિલ તે ના દે, વિખૂટાં જ રખાવવા
-રાગદ્વેષની કેવી છે, પેરવી જુદી જુદી ત્યાં ! ૪૫
કૈંક ને કૈંક ગૂંચો તે, નવા નવા જ કોયડા
-ઊભા કેવા કરે છે તે, તેનો અંત જણાય ના ! ૪૬
ફેલાં નવાં નવાં કાઢે એક પછીથી એક શાં !
ભેરવાવે કહીંના ક્યાં ગોથાં તે ખવરાવતા ! ૪૭
રાગ ને દ્વેષ કોઈની કદરે કરવા ન દે,
કોઈનું સારું જોવાને એને આંખ ન હોય છે. ૪૮
કોહ્યું જ્યાં હોય ત્યાંથી કાપી નાખવું ઉત્તમ,
રાગદ્વેષ ખરે તેમ નાખવા હણી શ્રેષ્ઠ જ ! ૪૯
શા રાગદ્વેષ એવા તો સંપૂર્ણ હણવા ઘટે,
જીવનહીર લૂંટી તે, લેવા તત્પર હોય છે ! ૫૦

•

હરિઃૐ

## અધ્યાય : ૬

# રાગદ્વેષક્ષય અનિવાર્યતા

(અનુષ્ટુપ)

રાગદ્વેષ પડ્યા વિના મોળા જીવનશ્રેયનું
-કર્મ સધાવું મુશ્કેલ, જાતે અનુભવી લખ્યું. ૧

સંઘર્ષણથી વિક્ષિપ્ત કેવું ચિત્ત કરાવીને,
રાગદ્વેષ વિકાસેથી મથે પાછું પડાવવે. ૨

રાગદ્વેષ ટળ્યા વિના થવો વિકાસ શક્ય ના,
રાગદ્વેષ જ સંપૂર્ણ ટાળવાનું જરૂરી ત્યાં. ૩

રાગ ને દ્વેષ જે આવા સંપૂર્ણ તે હઠ્યા વિના
-કેમે કર્યુંય ત્યાં ઝાઝું બઢાતું ના વિકાસમાં. ૪

રાગદ્વેષ ગયા વિના ક્યાંયે ના સુખચેન છે,
નિરાંતે ઊંઘવા ના દે, રાગ ને દ્વેષ જીવને. ૫

શાતા ને શાંતિ, આનંદ ન દે ભોગવવા હૃદે,
શા રાગદ્વેષ એવા તે જંપ ના વળવા જ દે. ૬

પ્રશ્ન વિચારવા યોગ્ય જીવન વિકસાવવા,
જેણે ન ધાર્યું છે તેવું તેને કાજ ન પ્રશ્ન આ. ૭

એનો જે સંગ રાખે છે, પામે છે ગેરલાભ તે,
કલ્યાણ થાય તેવાનું કદી કોઈ રીતે ન તે. ૮

'કૈંક મેળવવા કૈંક છોડવું તો પડે ખરું.'
જગત વ્યવહારેયે એવું સત્ય ખરેખરું. ૯

કિંમત ચૂકવ્યા વિના કશું ના મેળવાય છે,
'જીવને' તે કમાવાને મૂલ્ય ચૂકવવું પડે. ૧૦
છોડાતા જો ન હો તો તો જીવન રળવાતણી,
તેવાએ અભિલાષા કો સ્વપ્નેયે નવ ધારવી. ૧૧
ગમે તેવું ભલે છોને પડે ભોગવવું જગે,
રાગદ્વેષ ત્યજ્યા વિના આરો ના આપણો કશે. ૧૨
તે કાજે ત્યાગ ને ભોગ કરવા-આપવા પડે,
તે તો સૌ કાજ તો ત્યારે તૈયાર થવું આપણે. ૧૩
રાગદ્વેષ ત્યજાતાં જ મહત્ત્વ સાધના વિશે,
-મેળે જશે અપાતું તે જાણજો દિલ નિશ્ચયે. ૧૪
મુકાતાં વાર કૈંક લાગે છો બીજું બધું જીવને,
આ રાગદ્વેષને કિંતુ પહેલાં કાઢવા ઘટે. ૧૫
તે વિના સાધના કર્મે પરોવાય ન ચિત્ત, ને
-પરોવાયા વિના કેમ સાધનાકર્મ થૈ શકે ? ૧૬
રાગ ને દ્વેષને ડાકુ તેથી ગીતામહીં ગણ્યા,
'જીવન' છે કમાવાનું જેણે, તે છોડવા રહ્યા. ૧૭
'રાગદ્વેષ છૂટ્યા વિના સાધનાકર્મ ના થશે.'
લાગી તેમ જતાં ઊંડું મથાશે છૂટવા ખરે. ૧૮
તેથી તો સાધના જીવે જીવને કરવાની છે,
સૌ રાગદ્વેષ તેવાએ છોડવાનું જરૂરી છે. ૧૯
નિશ્ચય દૃઢ પાકો તે ધારી મરણિયો હૃદે,
નોતરવું પડે આજે ભલેને મૃત્યુ આપણે. ૨૦

ઊંડા શા ઊતરેલા તે રાગદ્વેષ જ જીવને,
મૂળથી હણવા પૂરા પડશે આજ જીવને. ૨૧
જીવથી નહિ તો કોઈ પ્રભુમાર્ગે જવાય ના,
શા અવરોધ છે ઉગ્ર જીવને રાગદ્વેષના ! ૨૨
રાગદ્વેષ મટ્યા વિના સાધના, ધ્યાન, થાય ના,
રાગદ્વેષથી વિક્ષિપ્ત ચિત્ત કેવું બને સદા ! ૨૩
રાગદ્વેષથી સંપૂર્ણ નિર્મળતા ન પાંગરે,
તો પછી ભાવ શી રીતે એને જીવન જાગશે ? ૨૪
રાગ જાગ્યો તમોને જે રાગદ્વેષની સાથ તે,
ઉગ્ર કૈં તેમના પ્રત્યે થવા ના દે કદી હૃદે. ૨૫
રાગદ્વેષતણા કેવા ફટાયા ભાઈ કેટલા !
ચઢિયાતા એકથી એક માડીજાયા જ તે છતાં. ૨૬
માયાજાળ શી એ સૂક્ષ્મ રાગદ્વેષની ગૂઢ છે !
અગમ્ય તે છતાં કોઈ માથા ફરેલ કાપશે. ૨૭
જિજ્ઞાસા જેની જ્વાળા શી ધગધગતી જ અંતરે,
જેની વિકાસની ભૂખ અનંતવર્ધિની હૃદે,
જેને કાળ જરા ખોવો ખોટો પાલવતો નથી,
શો પુરુષાર્થી તે માત્ર પરોવાયેલ રે'મથી ! ૨૮-૨૯
જ્વાળામુખી સમી જેની જિજ્ઞાસા બળવાન છે,
રાગદ્વેષ થકી મુક્ત થવાને પાત્ર માત્ર તે. ૩૦
બીજાં સૌ જાળમાં એની ફસાયા તો જશે સદા,
ફાંફાં તેથી બીજાં સૌનાં નકામાં તે હઠાવવા. ૩૧

જેનો મરણિયો ભારે નિશ્ચય દૃઢ મક્કમ,
તે રાગદ્વેષ સંપૂર્ણ તોડવા માત્ર પાત્ર છે. ૩૨
તે રાગદ્વેષને કૈં ના વધવા તક આપવી,
આંગળી આપતાં પોંચો લેશે પકડી આપથી. ૩૩
રાગદ્વેષનું વિજ્ઞાન શ્રેયાર્થીએ ઊંડું ચહી
-ઘટે જાણવું સંપૂર્ણ, તો રહે ચેતતો સહી. ૩૪
આપણા શ્રેયને માટે જે તે કૈં કરવાનું છે,
વિઘ્નકર્તા જ હોવાથી તેથી મુક્ત થવાનું છે. ૩૫
જ્યારે તે શલ્ય ખૂંચે છે, ખૂબ ખૂબ ઊંડાં હૃદે,
વીંધતાં સાલતાં ત્યારે તેમાંથી નીકળાય છે. ૩૬
વિકાસપથમાં તો તે આડા પ્હાડની જેમ છે,
રોકી રાખી ધપાવા દે, ના કેમેયે કર્યા જ તે. ૩૭
જેમાંથી છુટકારો તો એમ ને એમ થાય ના,
રાગદ્વેષ નર્યા તેથી, મોળા જ પાડવા રહ્યા. ૩૮

•

હરિઃૐ

## અધ્યાય : ૭

# રાગદ્વેષક્ષય અભ્યાસ

(અનુષ્ટુપ)

તે રાગદ્વેષ સંપૂર્ણ થવા નિર્મૂળ શક્ય ના,
માનવીનું ગજું તેમાં કોઈ પ્રકારનું જ ના. ૧

સામાન્ય જીવનું એમાં ગજું ના કોઈ જાતનું,
એ તો એમાં ઘસેડાતો જશે, તેના પ્રવાહ શું ! ૨

છતાં નિશ્ચય સાચો ને પાકો મરણિયો હૃદે
-સંપૂર્ણ જ્યાં થયેલો હો, જોખે ત્યાં નમતું ખરે. ૩

રાગદ્વેષ ન પોતાની મેળે કદી જતા રહે,
વળાવવા પડે એને આગ્રહેથી મથી હૃદે. ૪

કિંતુ જીવનનું ધ્યેય જેનું નિશ્ચિત છે ખરું,
પામવા ધ્યેય જેનું છે ભરેલું આગથી નર્યું,
એવા તે દિલની શક્તિ અપરંપાર જીવને !
છે રાગદ્વેષ તેવાથી શક્ય હઠાવવા ખરે. ૫-૬

રાગદ્વેષ નકામા છે, શ્રેયાર્થીને વિકાસમાં,
થવાને મુક્ત એનાથી મથવા રાખવું સદા. ૭

મનન ચિંતવને ખંતે જીવનના વિકાસના
-ક્ષેત્રે એકધારું તો ર્‌હેવું જીવતું સર્વદા. ૮

કિંતુ તેવોય ઈલાજ અનોખો સળગે હૃદે !
તે નિરંતર અભ્યાસે પરોવ્યા દિલને કરે. ૯

એની મેળે હણાતા ના રાગદ્વેષ કશાથીયે,
ભાવે સદ્‌ભાવ ધારંતાં સૌ સાથ, હળવા બને. ૧૦
ભાવ હોવા છતાં કેવા રાગદ્વેષ નડ્યા કરે,
વિકાસની તમન્નાને મોળી પાડ્યા સદા કરે. ૧૧
મનાદિમાં પછી તેની સજ્જડ પકડે કરી
-વિચારવા ન દે સાચું, ભ્રમણામાં પડાવશે. ૧૨
મહત્ત્વ એવું નિર્ધાર્યું મોખરે નિત્ય જીવને,
વધારે કેમ અભ્યાસ થતો ર્‌હે માત્ર તે વિશે. ૧૩
વધુ ને વધુ અભ્યાસે પલોટાતાં જતાં ખરે !
મનાદિને થતાં રાગ અભ્યાસમાં ઊંડો હૃદે,
પલળી જાય તે જ્યારે ભક્તિમાં ધ્યેયની ખરાં,
રાગદ્વેષનું ગૌણત્વ આપમેળે સધાય ત્યાં. ૧૪-૧૫
રાગદ્વેષાદિ સંગાથે સંપૂર્ણ લડવું મૂકી,
એકરત થવા ઊંડા અભ્યાસે મથતાં કરી,
વધારે જેમ હૈયામાં અભ્યાસે રસ ત્યાં પડ્યે,
રાગદ્વેષતણું જોશ મોળું મેળે પડ્યા કરે. ૧૬-૧૭
અખંડાકાર જ્યાં એમ અભ્યાસ ભાવના હૃદે
-જામતી જાય જીવંતી ચેતનાત્મક જ્યાં પથે,
રાગદ્વેષ ખરે ત્યારે દાખવી જોશ ના શકે,
કૂદકો મારવા કેવી ધન્ય સુપળ સાંપડે ! ૧૮-૧૯
રાગદ્વેષ જ સંપૂર્ણ જીવન થકી ટાળવા
-અભ્યાસમાત્રમાં પૂર્ણ દિલ પરોવવું સદા. ૨૦

ઉપાય ઉચ્ચ છે એ જ, શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ માત્ર તે,
યદ્વાતદ્વા ન જેથી તો લક્ષ શ્રેયાર્થીનું જશે. ૨૧

રાગદ્વેષથી જે માત્ર એને હઠાવવા ચહે,
મથે છોને ગમે તેવું, જીતવા ના સમર્થ છે.
જીતવા તેમને સાચે ઉગ્રમાં ઉગ્ર શક્તિની
-સંપૂર્ણ યોગ્યતા હોવી ત્યારે ઘટે જરૂરની. ૨૨-૨૩

તે એકદમ તત્કાળ એવી શક્તિ ઊગી જવી,
જીવને કોઈને શક્ય નથી હોતી ખરે કદી !
શક્તિ કેળવવા તેવી રાગદ્વેષ હઠાવવા,
કેંદ્રિત લક્ષ અભ્યાસે એકાગ્ર ધારવું સદા. ૨૪-૨૫

મહત્ત્વ મળતાં જ્યારે કૈં રાગદ્વેષને પથે
-જતાં અટકી સંપૂર્ણ, કશું ના ચાલતા જુએ. ૨૬

દાવપેચ બધા એના નિષ્ફળ તે જતા ખરે,
આપમેળે પડે નીચા તળિયે ભોંય આખરે. ૨૬-૨૭

રહી જીવદશામાંહે સૌ રાગદ્વેષ ટાળવા
-શક્ય ના છે કદી કાળ, માથા કૂટી ભલે મરો. ૨૮

છતાં શ્રેયાર્થીની બુદ્ધિ થતાં જે તીવ્ર સૂક્ષ્મ તે,
વિવેકે પારખી લૈને શ્રેયાર્થીને ઉગારશે. ૨૯

રાગદ્વેષ થતાં ઢીલા, બુદ્ધિ શી ખીલતી જતી !
મોળા તે પાડવા કાજે જિજ્ઞાસાને બઢાવવી. ૩૦

જ્યાં તીવ્રતમ જિજ્ઞાસા જાગતાં જાગતાં ઊંડી,
આપમેળે ઉપાયો ત્યાં સૂઝતા શા જતા સહી ! ૩૧

અભ્યાસે બઢતાં જાતાં જીવની અભિરુચિયે
-જતી તે બદલાતી શી ! અભ્યાસનો પ્રભાવ તે. ૩૨

જીવની જીવને જેવી પાકી છે અભિરુચિ તે,
પ્રમાણે વર્તવાનુંયે જીવનું થાય છે પથે. ૩૩

આવે અભ્યાસમાં પૂર્ણ દૃઢ મક્કમતા નરી
-નૈસર્ગિકપણે, જામે પક્વતા અભિરુચિની. ૩૪

પક્વતા એવી સંપૂર્ણ જામી જતાં જ આખરે,
રાગદ્વેષતણું મોળું પૂર્ણ થવું બને ખરે ! ૩૫

શા રાગદ્વેષને પંથે જીતવા તે જતાં પૂરા,
અભ્યાસે રોકતાં લક્ષ હઠવા સ્હેલ તે ખરા ! ૩૬

શી સો વાતતણી હું તો એક વાત કથું હવે,
અભ્યાસે ચિત્ત સંપૂર્ણ લક્ષ ધારી મથો હૃદે. ૩૭

કિંતુ ધ્યેયની સંપૂર્ણ લગની લાગી ના બધી,
મથાવું તેમ તેવું ના શક્ય કોઈ ઉપાયથી. ૩૮

હૈયે લગાડવા તેવી લગની તે ખરેખરી
-અભ્યાસે મથવાકેરી યોગ્યતાની જરૂર શી ! ૩૯

મથવા કાજ તે રીતે હૈયામાં, લક્ષ ધ્યેયમાં
-પરોવવા પૂરેપૂરું જરૂરી લગની જ ત્યાં. ૪૦

ઉપાય અન્ય ના કોઈ વિના અભ્યાસ સાંપડ્યો,
ઊંડું વિચારતાં માત્ર અભ્યાસ યોગ્ય લાગતો ! ૪૧

અવરોધો નડ્યા કેવા શ્રેયના પથમાં જતાં,
રાગદ્વેષ ખરે મુખ્ય જણાયા મુજને તદા ! ૪૨

તે રાગદ્વેષને ત્યારે ટાળવા ને હઠાવવા,
માત્ર અભ્યાસમાં લક્ષ મથ્યો કેવું દઢાવવા ! ૪૩
કૃપાથી જ્યાં મળેલા છો આપને દિલ પ્રાર્થના,
થવાને રત અભ્યાસે દિનરાત કરો મથ્યા. ૪૪
તે વિના છૂટકો કોઈ અન્ય ક્યાંય જડ્યો નથી,
અભ્યાસે ખૂંપી ખૂંપીને દઢાવ્યું લક્ષને મથી. ૪૫
જીવને જેમ વર્ત્યો છું તેવી સલાહ આપી છે,
ગળે ઉતારવા આ તો જેવો તેવો પ્રયત્ન છે. ૪૬

•

હરિ:ૐ

## અધ્યાય : ૮

# સાધનાની પ્રક્રિયા

(અનુષ્ટુપ)

રાગદ્વેષનું તો જોશ રાગદ્વેષ થકી વધે !
તેથી ઘટાડવાને તે સદ્ભાવ ધારવો હ્દે. ૧

થવા અન્યાય સંપૂર્ણ એવું તે વર્તતાં જતાં,
થવાવા મુક્તકેરું તે, જાણવું આપ્યું મૂલ્ય ત્યાં. ૨

રાગદ્વેષથી સંપૂર્ણ ત્યાગવે મુક્ત થૈ શકે,
જિજ્ઞાસા જેની સંપૂર્ણ અગ્નિ જેવી, સમર્થ તે. ૩

છૂટ્યા વિના જ તેનાથી જેને ચેન પડે નહિ,
એવો જ નિશ્ચયી પૂર્ણ છૂટો થઈ શકે સહી. ૪

ભલેને ધાડપાડુ હો ચોર, ડાકુ, લૂંટારું છો,
એનેયે મ્હાત સંપૂર્ણ, છે કરનાર કોક તો, ૫

જેને એને જીત્યા વિના સ્હેજે ના ચાલતું જ છે,
'જીતે તો જ જિવાયે' શી તમન્ના એવી જેની છે !
એવા તે ભાગ્યશાળી જે વિરલા વીર કોક છે,
આરપાર થતા તેવા ધન્ય જીવનને કરે. ૬-૭

રાગદ્વેષથી પીડાયો પારાવાર હું જીવને,
વિકાસે નડવા લાગ્યા જાગ્યું શું ભાન અંતરે ! ૮

જિજ્ઞાસા અગ્નિના જેવી કૃપાથી જલતી હતી,
એનાથી કરીને ઊંડું ર્હેવા મથ્યો હું ભાવથી. ૯

રાગદ્વેષ શું ત્યારે તે ડોકિયાં કરતા દીઠા !
તે અવરોધ શા આડા પ્રેરાવ્યા કરતા રહ્યા ! ૧૦
તેથી તેનાથી સંપૂર્ણ થવા મુક્ત હું જીવને,
કસી કમર તૈયાર થયો કૃપાથી અંતરે. ૧૧
રાગ ને દ્વેષને માત્ર એકલા લઈને પછે,
મોળા તે પાડવાકેરો નકામો પુરુષાર્થ છે. ૧૨
રાગદ્વેષ બીજી રીતે મોળા સંપૂર્ણ પાડવા,
કામિયાબ ન આવે છે, કોઈ ઉપાય ત્યાં કદા. ૧૩
રાગદ્વેષ થકી ઊર્ધ્વ પ્રદેશભૂમિકા વિશે,
તદાકાર થતાં મેળે સૌ રાગદ્વેષ તો ઘટે. ૧૪
સુષુપ્ત જે પડેલી છે, શક્તિ અંતરમાં બધી,
તે જાગ્રત થતાં ઊંડી જ્યારે એકાગ્રતા થતી,
તેમાંથી જાગતાં ભાવ ભાવ સભરતા થતાં,
ભાવની ગાઢતાથી જ રાગદ્વેષ ઘટે તદા. ૧૫-૧૬
લગાતાર કરી જોર હતું જેટલું જીવને,
તેનાથી જે મથાયું છે, જાગ્યો શો ભાવ તે થકે. ૧૭
ટાળવા રાગ ને દ્વેષ ભાવવૃદ્ધિ ઉપાય છે,
સાધનામાં થતાં મગ્ન-લગ્ન, મોળા પડે જ છે. ૧૮
તેથી શો ચેતી ચેતીને, સાધનામાં કર્યો રહ્યા !
રાગદ્વેષ નડ્યા જ્યારે વધારે શક્તિથી તદા,
જબ્બર પુરુષાર્થેથી પ્રેરાયો ભાવમાં ઊંડા,
જાગતાં તે જતાં ભાવ રાગદ્વેષ ભલે ઊઠ્યા,
કિંતુ ત્યાં ભાવનું જોશ હતું, તેથી ન તે નડ્યા. ૧૯-૨૦

ઊર્ધ્વ વિકાસનો ભાવ પુરુષાર્થ થતાં થતાં,
આડખીલીની સામેયે ટક્યો કૃપાથી જીવતો. ૨૧

ઊગતાં ભાવ ઊંડેરો, ભાવ અખંડતા વિશે
-પ્રવેશતાં જ તે જોશ રાગદ્વેષનું સૌ હઠે,
તેથી તો ટાળવા એને એકધારું જ સાધના
-વિશે તો ટકવા કાજે એકધારું મથ્યો સદા. ૨૨-૨૩

જેમ જેમ વધે ભાવ ને તે ગાઢ થયા જતાં,
શા રાગદ્વેષ તે વેળા મોળા મેળે પડ્યે જતા ! ૨૪

રાગદ્વેષ થતાં મોળા ભાવ સ્ફુર્યા કરે હૃદે,
મોળા તે પાડવા કાજે સભાન થવું નિશ્ચયે. ૨૫

શું રાગદ્વેષ સંપૂર્ણ દેવા ઓગાળી જીવને,
હરિભાવ દૃઢાવાને એકધારો મથેલ જે. ૨૬

દૃઢાવાતાં દૃઢાવાતાં ભાવ અખંડ જીવને,
રાગદ્વેષ પડે મોળા આપોઆપ જ સર્વને. ૨૭

તેથી તો સાધનાભ્યાસે મંડ્યો સતત શો રહી
-સળંગે તે પરોવાવા મનાદિ પદ ભક્તિથી. ૨૮

સ્મરણ, પ્રાર્થના, કેવાં ભજનકીર્તને કરી,
સમર્પણતણા ભાવે નિવેદ્યાં ચરણે વળી.
ત્યાગ ને પરમાર્થે શો હરિભાવે મથ્યા કરી,
હરિના રસના ભાવે પરોવ્યાં છે મનાદિને ! ૨૯-૩૦

એમ એવી ક્રિયા વિશે તરબોળ થતાં બધાં
-મનાદિ પૂર્ણ, ત્યારે તે શિથિલ રાગદ્વેષ શા ! ૩૧

મોળા તે પાડવા કાજે તેનાથી ઊર્ધ્વ હોય જે,
તેમાં પ્રવેશી સંપૂર્ણ પાડો મોળા જ તેમને. ૩૨
બીજો ઉપાય તે વિના ઉત્તમોત્તમ કૈં નથી,
જાણી, અનુભવી, પ્રીછી, લખ્યું આવડ્યું તે ચહી. ૩૩
તે રાગદ્વેષ તો મોળા સ્વતંત્ર કો બીજી રીતે
-કદીયે થાય ના પોતે, જીવનક્રમ જાણ તે. ૩૪
તેથી જેને હ્રદે ઊંડા ખૂંચતા તે બને ઘણા,
ઉપાય લાધતો સાચો ઊર્ધ્વની ભક્તિનો તહાં. ૩૫
સ્વતંત્ર એકલા માત્ર તેને તો લઈ જોઈને
-પ્રયત્ન ત્યાં કરેલો છે, છતાં ફાવી શક્યો ન તે. ૩૬
ભક્તિનો એટલે મેં તો આશ્રય પૂર્ણ લેઈને,
પ્રયોગ કરીને જોતાં કૃપાથી છે ફવાયું ત્યાં.
નીરખી લેવું પ્રત્યક્ષ આત્મવિશ્વાસ ઊગતાં,
શ્રદ્ધા નિષ્ઠા પછી તેમાં જીવંત થઈ છે હ્રદે ! ૩૭-૩૮
જિજ્ઞાસા અગ્નિના જેવી તે જ્વાળા સમ હોય છે,
ત્યારે પ્રવાહના જોશે એકાગ્રતા શી ઊગશે !
એવું અંતરનું વ્હેણ પ્રચંડ પ્રગટે હ્રદે,
શું રાગદ્વેષનું જોશ નિઃશંક ઘટતું જશે. ૩૯-૪૦
ભક્તિનાં તાન જ્યાં પૂર્ણ વધતાં વધતાં જતાં,
પ્રસ્થાપિત થતાં હૈયે રાગ ને દ્વેષ ભાગતા. ૪૧
તેથી ભગાડવા તેને ભક્તિ માત્ર ઉપાય છે,
કૃપાથી આશરો લૈને મથાયું કેવું જીવને ! ૪૨

ધ્યેયના માર્ગથી ઊંધું જ્યારે જવાતું લાગતું,
વિચારવાનું તે અંગે જીવને ત્યાં થતું હતું.,
અભ્યાસ શો પડેલો જે પૃથક્કરણનો ઊંડો,
રાગદ્વેષ વિશે તેથી ઊંડું તે ઊતરાયું શું ! ૪૩-૪૪

સ્વભાવ રાગ ને દ્વેષતણો કૃપાથી જાણીને,
અંતરે હરિનો ભાવ બઢાવવા મથ્યો હૃદે. ૪૫

કૃપા એ તો હરિની કે ભાવ એના વિશે થયો
-પ્રાદુર્ભાવ ઊંડો, જેથી એના જોર થકી બચ્યો. ૪૬

આશ્રય હરિના ભાવ વિના ટળી શકે ન તે,
રાગદ્વેષ જવા કેવું સાધન મળ્યું જીવને !
જીવને एक આધાર કૃપાથી જે મળ્યો મને,
નમસ્કારો જ હૈયાની ભાવભક્તિથી તે પદે. ૪૭-૪૮

થતાં રત હરિભાવે કૃપાથી સૌ હૃદે ફળ્યું,
બાકી મારું ગજું નો'તું એને હઠાવવા કશું. ૪૯

'તે રાગદ્વેષને મોળા પાડવાનો ઉપાય શો ?'
શ્રેયાર્થીએ મને જ્યારે પૂછ્યું છે દિલ ચાહી તો,
વર્તન આચરી જોતાં શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ જીવને
-હઠાવવાતણો સાચો બતલાવ્યો ઉપાય તે. ૫૦-૫૧

યોગ્ય તે બુદ્ધિમાં લાગ્યે જોતાં અનુભવી હૃદે
-લાગતાં સત્ય, તેને સૌ ર્‌હેજો વળગી જોઈને. ૫૨

રાગદ્વેષ હઠે જો ના, કુશંકા દિલ જાગતાં
-તમે ફેંકી ભલે દેજો મિથ્યા લખેલું જાણી આ. ૫૩

તપશ્ચર્યાદિ શાં ઉગ્ર કર્યાં તે કરતાં બધાં,
અંતરશક્તિ જીવંતી થતાં, પ્રણામ યોગ્ય ત્યાં,
વધતાં જોશ ને વેગ ત્યાં રાગદ્વેષ જીવને
-મોળા તે પડતા લાગ્યા, કૃપા શી હરિની થતે ! ૫૪-૫૫

કૃપાથી જે પુરુષાર્થ થયા ગયો જ જીવને,
एणे હૃદે સ્ફુરાવ્યું જે, અનુભવ્યું જ છે ખરે. ૫૬

નિશ્ચયાત્મક લાગ્યું ને અનુભવ્યું, પ્રમાણ જે
-તે સૌનાં ચરણે મૂક્યું, પુષ્પાંજલિરૂપે ખરે,
સદ્ભાવી ભાવને ખાસ ગ્રહીને તે સ્વીકારશે. ૫૭

પ્રભુનો પા'ડ માનું કે મને एणे ભણાવીને
-શીખવ્યું છે, પદે તેને પાછું સમર્પ્યું ભક્તિએ. ૫૮

સૌ રાગદ્વેષને પૂર્ણ હઠાવવાતણી મને
-જે माए પ્રેરણા પ્રેરી, ભક્તિભાવે નમું પદે. ૫૯

ગરીબીમાં થયેલા જે અન્યાય, તેમના પ્રતિ
-माए કેવો દીધો બોધ સદ્ભાવ રાખવા ચહી. ૬૦

'રાગદ્વેષથી પ્રેરાઈ કશું કરવું કર્મ ના,'
માનો તે બોધ આજેયે જીવંતો દિલમાં સદા. ૬૧

•

હરિ:ૐ

## અધ્યાય : ૯

# રાગદ્વેષક્ષય પ્રમાણ

(અનુષ્ટુપ)

સદ્‌ભાવ સર્વ પ્રત્યેનો જીવંતો ટકતો દીસે,
રાગદ્વેષ પડ્યા મોળા એનું ધોરણ માત્ર તે. ૧
સર્વ અણગમા, ઈર્ષ્યા ને અદેખાઈ ઓગળે,
રાગદ્વેષ પડ્યા મોળા તેનું લક્ષણ જાણજે. ૨
જે તે પૂર્વગ્રહો સર્વ જતા ઓગળી લાગતા,
રાગદ્વેષ ઘટ્યા તેનું પ્રમાણ જાણવું તદા. ૩
જે તે સર્વ બધાંનુંયે ખૂંચતું હોય તે બધું
-લાગે જ્યાં જતું, તેમ ઘટેલા જાણવું ખરું. ૪
સમજણ તમારીથી ઊંધું કો ચાલતું દીસે
-તેની પ્રત્યેય સદ્‌ભાવ ટકંતાં, ઘટતા ખરે. ૫
ને અપમાન, અન્યાય, કરંતાં છો ભલે જ હો,
છતાં નાખુશી ના જન્મે, ઘટેલા જાણજો જ તો. ૬
કશો બગાડ ને ઊંધું કરંતાં કો જણાય જો,
ત્યારેયે તેમના પ્રત્યે ટકે ભાવ, ઘટેલ તો. ૭
ગુસ્સો અન્યની પ્રત્યે જાગતાં, તે છતાં હૃદે
-ઉતારી ના પડાયે તે સર્વને, તો ઘટેલ તે. ૮
રીતરસમ માનેલી તેથી વર્તન ઊંધું કૈં
-જણાતાં કોઈનુંયે ત્યાં, ચડે ના ક્રોધ અંતરે, ૯

અને ના જોખમાયે કૈં શાંતિ ધારેલ જે દિલે,
રાગદ્વેષ ઘટેલાનું પ્રમાણ સાચું તે ખરે. ૧૦
આકરી આકરી એવી અથડામણ વિશેય તે,
સ્વસ્થતા ટકતી લાગ્યે ઘટેલા તે પ્રમાણજે. ૧૧
અણગમતું ઊગંતાં ચંચલ મન થાય ના,
રાગદ્વેષ ઘટ્યા જાણી, હર્ષ તું દિલ પામ ત્યાં. ૧૨
આપણી ધારણા રીતે ઊંધું વળી જતું દીસે
-ત્યારેયે સ્વસ્થતા શાંતિ ટકતાં, જીવતાં હ્દે,
આનંદભાવનો ભંગ થતો ના લાગતો જરા,
રાગદ્વેષ ઘટેલા છે, એમ નિશ્ચે પ્રમાણ ત્યાં. ૧૩-૧૪
વ્યવસ્થા સર્વ તૂટીને ભાંગી ભૂકો થતી દીસે
-ત્યારેય મનનું સ્વાસ્થ્ય ટક્યું, ઘટેલ જાણજે. ૧૫
પસંદગીનું, માનેલું શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ હોય જ્યાં
-ઊંધું બધું થતું લાગ્યે ઉશ્કેરાઈ જવાય ના,
અસ્તવ્યસ્ત બધુંયે તે થતાં જો સ્વસ્થતા ટકે,
રાગદ્વેષ ઘટેલાનું પ્રમાણ સાચું જાણજે. ૧૬-૧૭
અતડાપણું બધાં સાથે ઘટેલું લાગતું દીસે,
ને ખુલ્લાપણું ઊગંતું, ઘટેલાનું પ્રમાણ તે. ૧૮
ઊંધું કો ચાલતા લાગ્યે, વર્તાવ સર્વ સાથ તે
-દિલ ખુલ્લાપણાનો જો લાગે, તો તે ઘટ્યા કરે. ૧૯
અણગમો જ એવું જે ઉપજાવે, થતાં મને*
-તેના પ્રત્યે ઊંડો ભાવ ટકંતાં, હળવા જ તે. ૨૦

*મનમાં

ઊંધુંચતું કરી નાખે ને હો બેફામ વર્તન
-છતાં સંપૂર્ણ ત્યાં શાંત, ઘટેલા પ્રીછ જીવન. ૨૧
ગૂંચ મુશ્કેલી આવંતાં ઊકળી જો જવાય ના,
થતાં ઉકેલ શાંતિથી જાણવું, તે ઘટેલ ત્યાં. ૨૨
કોઈની પર તૂટી જો ઓચિંતું જ પડાય છે,
રાગદ્વેષ ભરેલા છો, પ્રત્યક્ષ જાણજો તમે. ૨૩
કામક્રોધાદિનું મોળું પડંતાં લાગતાં બધું,
રાગદ્વેષ ઘટેલાનું પ્રમાણ તે ખરેખરું. ૨૪
લોભમોહાદિ આવેશ થતાં સંયમ જીવને,
-ઊગંતો લાગતાં ત્યારે ઘટેલા જાણજો ખરે. ૨૫
અહમ્ પીગળતું જાય, નમ્રતા પાકતી દીસે,
રાગદ્વેષ ઘટ્યાની તે સાચી એંધાણી જાણજે. ૨૬
માથું ઊંચું કદીયે તે ગમે તેવા પ્રસંગમાં
-થાય ના, જાણવું ત્યારે રાગદ્વેષ ઘટેલ તે. ૨૭
રાગદ્વેષ થતાં મોળા આંતર શક્તિ જીવને
-ઊભરાતી છતી પોતે આપમેળે શી થાય છે ! ૨૮
જીવને શી સમસ્યાઓ ઉકેલવા થયું હૃદે,
એનું તટસ્થતા મુખ્ય કારણ જાણ્યું છે ખરે ! ૨૯
રાગદ્વેષ થતાં મોળા તટસ્થતાય જાગતી,
સાધનાનું બધું કર્મ સપાટે ચાલતું પછી. ૩૦
જેમાં લાગેલ છો કર્મે ઊંધું જો પરિણામ છે,
તેને છતું કરી લેવા દિલ ઉદ્યત થાય ને,

હાલી જોમ ન જાયે ને સ્વસ્થતા ધારીને હૃદે,
તે તે બધું થતું જાય, ઘટેલા તે પ્રમાણજે. ૩૧-૩૨
નિરાશા કારમી લાગે એવા પ્રસંગ સાંપડ્યે,
નિશ્ચિતતા ટકે ત્યારે, ઘટેલા તું પ્રમાણજે. ૩૩
સંઘર્ષણ મને* થાય એવું નિમિત્ત ઊગતાં
-શાંત ચિત્તે ઉકેલાતાં, ઘટેલા જાણવા તદા. ૩૪
હોવા છતાં ત્વરાયુક્ત છતાં ધાંધલ ત્યાં ન છે,
હાંફળાફાંફળા ના છો, ઘટેલા તો પ્રમાણજે. ૩૫
લીધેલાં કર્મમાં વિઘ્ન અવરોધો નડ્યાં જતાં
-ઉકેલવા મથાયે જો, ઘટેલા જાણવા તદા. ૩૬
સ્વભાવના પ્રમાણેની ધાંધલ ને ધમાલ તે
-ઘટતાં જો જતાં લાગ્યે, ઘટેલા જાણજે હૃદે. ૩૭
ધારેલાં કરતાં ઊંધું તે પરિણામ ઊગતાં,
હૃદે અવલોકવા શાંતિ ટકંતાં, હઠતા જતા. ૩૮
આપ્તજન જ પોતાનું નિજને ઊંધું ધારતાં,
તેને સમજવા હૈયું થતાં તત્પર, તે હઠ્યા. ૩૯
વર્તતાં સીધું પંથે હો છતાં કો ઉથલાવવા
કરે પ્રયત્ન, ત્યાં જો ર્‌હે સદ્‌ભાવ, હળવા થયા. ૪૦
ચીંધેલાં કર્મમાં આડુંઅવળું ચાલતું જ હો,
તેને મઠારીને સીધું યોગ્ય પંથે ચલાવવું.
કરીને તેવું જે દે છે કર્મની યોગ્યતા થવા.
-છતાં ત્યાં શાંતિને ધારી, ઘટેલા તે પ્રમાણવા. ૪૧-૪૨

---

*મનમાં

સાધનામાં ઘણી વેળા ઊંધુંચતું થતાં પથે,
કળા, કુનેહથી સૂક્ષ્મ વર્તે, તો તે ઘટેલ છે. ૪૩
વિવેકપૂર્ણ જીવંતો પ્રત્યક્ષ વર્તને ઊગે,
શું રાગદ્વેષ ત્યારે તો ઘટ્યા છે એમ જાણજે. ૪૪
રાગદ્વેષ છૂટ્યાકેરું પ્રત્યક્ષ જે પ્રમાણ છે,
આલેખ્યું તે કૃપાથી છે, એમાં મારું ન કાંઈ છે.
સંબોધેલું જ એ તો છે, જેને લાગુ પડે ખરે
-સદ્ભાવી ગ્રહી ત્યાં સાર, દેશે અયોગ્ય ફેંકી તે. ૪૫-૪૬

•

હરિ:ૐ

## અધ્યાય : ૧૦

# પ્રયોજન અને પ્રમાણ

(અનુષ્ટુપ)

રાગદ્વેષ ટળ્યા વિના કદી વિકાસ થાય ના,
લાગ્યું સાચું મને હૈયે તેથી મારો પ્રયત્ન આ. ૧

કેવી રીતે પડે મોળા તેય મેં બતલાવ્યું છે,
થઈ છે સાધના જેમ તે રીતે આ લખાયું છે. ૨

રાગદ્વેષની મેં તો શી મોજણી આ કરેલ છે !
યોગ્યતા તેની શ્રેયાર્થી સ્વીકારતાં હૃદે મને
-ખરેખર શું આનંદ સ્ફુરશે તેમ આ લખ્યે,
કૃતાર્થ જ થવાકેરો ધન્ય મોકો મળ્યો ખરે ! ૩-૪

પીંજતાં પીંજતાં આને મેં દરકાર લીધી છે,
કણી પડી ન જાયે ત્યાં કર્યું વિચારતાં જ તે. ૫

કશું નિર્દેશવા મારું મેં આને લખ્યું નથી,
શ્રેયાર્થીના જ લાભાર્થે મારાથી આ લખાયું છે. ૬

પ્રભુની આ કૃપા કેવી પૃથક્કરણ સૂક્ષ્મ તે,
એણે કરાવતાં કેવું શિખવાડ્યું હૃદે મને ! ૭

કૃપાની બલિહારી શી એણે મથાવરાવ્યું છે,
રાગદ્વેષનું વિજ્ઞાન એણે મને સુઝાડ્યું છે. ૮

બાકી તે આવું કૈં ભાન મારામાં ક્યાંથી હોય જે ?
સાક્ષાત કેવી પ્રત્યક્ષ અનુગ્રહ કૃપા જ છે. ૯

પૃથક્કરણ આવું જે કૃપાથી તો થયેલ છે,
બાકી એવી ઊંડી બુદ્ધિ મારામાં ના વિશેષ છે. ૧૦

નિરૂપણ વિશે ભૂલ કૈં અનેક થઈ હશે,
મુજમાં ક્યાંથી તે હોય ભારે નિપુણતા ખરે ! ૧૧

જુદાં જુદાં જ પાસાંથી રાગદ્વેષ નિહાળીને,
તે તે સમજી ઊંડું ને મૂળ તેનાં વિશે હૃદે
-પૃથક્કરણ ઊંડાંમાં ઊંડે ઊંડે કર્યાં કર્યું,
ને એમ કરતાં, જે જે સમજ્યો, લખ્યું તે બધું. ૧૨-૧૩

હો સમજણનો દોષ તત્પર હું કબૂલવા,
'મારું સૌ સાચું છે' એવો કોઈ દાવો નથી તહાં.
સામાન્ય બુદ્ધિમાંયે જે ઊતરી સમજાય છે
-એવી રીતે લખેલું છે, બુદ્ધિની તર્ક યુક્તિથી. ૧૪-૧૫

કેવું કેવું લખાવ્યું છે એણે પ્રેરાવીને મને,
કરે બોથડને કેવો શો વિદ્વાન સમર્થ તે !
સળગે વીજળી ગોળો એમાં એનું મહત્ત્વ ના,
મહત્ત્વ માંહ્યલાનું છે, સાચું ખરેખરું તહાં ! ૧૬-૧૭

મારા વ્‌હાલા હરિને તો આપ્યા મહત્ત્વ હું કરું,
એના વડે જ તો કેવો વિશ્વે ઊભો રહેલ હું !
ઝીણી ઝીણી જ શી વાતો એણે સુઝાડી છે હૃદે !
વિષય તત્ત્વનું હાર્દ એણે કૈંક બતાવ્યું છે. ૧૮-૧૯

તો રાગદ્વેષ જેવું તે ઝીણવટે લખાયું છે,
હજુ એનાથીયે ઊંડું લખવાનો ન અર્થ છે. ૨૦

મહત્ત્વ દિલ સંપૂર્ણ ચેતતું ને જીવંતું તે
-શ્રેયાર્થીને હૃદે જાગે, એ હેતુથી લખાયું છે. ૨૧
શ્રેયાર્થીના પથે થોડું ઘણું જો કામ લાગતું
-તેને અનુભવે લાગ્યે, કૃતાર્થ થૈશ દિલ હું. ૨૨
રાગદ્વેષ બધાંયને સંપૂર્ણ સમજાવવા,
તાકાત મારી ના કૈં છે, જેવો તેવો પ્રયત્ન આ. ૨૩
એને વાંચી જતાં, જેને તેની યથાર્થતા હૃદે
-લાગતાં, ને વિકાસે તે લાગતાં કામ, ધન્ય તે. ૨૪
યત્કિંચિત્ જે થયેલો છે, પ્રયત્ન આ કૃપાથી તે,
પ્રેરાવાયાથી બીજાથી જેવું તેવું લખાયું છે. ૨૫
આમાં મોટું કશું એવું ભગીરથ થયું ન છે,
આ તો છે ટુચકો માત્ર લેશે સદ્‌ભાવી ચૂસીને. ૨૬
તદ્દન સાવ કેવો આ નજીવો તો પ્રયત્ન છે,
કિંતુ શ્રેયાર્થીને તેથી સમજવાનું લાગશે.
એને કૈં લાભ જાણીને પ્રેરાયો લખવા, અને
-તે લખવા જતાં ઊંડું ઊંડું શું સમજાયું છે ! ૨૭-૨૮
મારી હઠાવવા પૂરા કાબેલિયત એવી કૈં
-મારામાં તો કશી ના છે, છતાં યત્ન કરેલ છે. ૨૯
ફાવ્યો હું કે ન ફાવ્યો તે મારું ના કર્મ જાણવા
બીજાને વાંચતાં લાગ્યે પ્રીછશે તે જ યોગ્યતા. ૩૦
ભૂલચૂક કશી મારી આ વક્તવ્ય વિશે જ હો,
ક્ષમા માગી લઉં સૌની, हरिपादे લળી સ્તવું. ૩૧

જેવું તેવું ન આ કામ, યોગ્ય વિદ્વાનનીય તે
-કસોટી થૈ જતી પાકી, એવું મુશ્કેલ કર્મ છે. ૩૨

વિજ્ઞાન સૂક્ષ્મ આ કેવું ! છતાં સહેલું તે મને
-જેણે કરાવ્યું તેને છે, મારાં વંદન કોટિયે. ૩૩

કોકડું ગૂંચવાયેલું કેમ ઉકેલવું પૂરું ?
તે પ્રશ્ન આવતાં, હૈયે પ્રાપ્ત બળ થયેલ શું !
એવા સંયમ વિવેકે ઊગી તટસ્થતા મને,
તેની સહાય લૈને મેં જે તે ઉકેલ્યું છે હૃદે. ૩૪-૩૫

તેથી આ લખવા કેવો થયો સમર્થ ! મૂર્ખ આ,
કિંતુ જે સમજેલો છું, તેને લખી શું આપ્યું ત્યાં ! ૩૬

એકધારું સપાટે આ લખાયા ગયું છે ખરે !
કેમ કે જેની હૈયામાં સમજણો રહેલી છે !
તેને ઉતારતાં ક્યાંથી લાગે તે વાર કેટલી ?
ચપોચપ કડીઓ તે આપમેળે શી નીકળી ! ૩૭-૩૮

આ તો ખોટી બડાઈ ના, સાક્ષી શા કેટલાક છે !
બોલતો હું ગયો જેમ, લખાતું તે ગયું જ છે. ૩૯

જેવો તેવો જ આ યત્ન જીવને જે કરેલ છે,
શ્રેયાર્થીને મળે લાભ તે કાજે મેં લખેલ છે. ૪૦

ક્યાંય ના ક્લિષ્ટતા એમાં સ્પષ્ટ, સાફ બતાવ્યું છે,
ને સમજાય સ્હેલું તે આલેખ્યું છે જ તે રીતે. ૪૧

છતાં સંપૂર્ણ ના હું તો, જેવો તેવો પ્રયત્ન તો
-સત્કારાય, સત્કારી અનુભવે જ જોઈ લો. ૪૨

દેખાતાં દોષ તે વિશે જવા તે દો ક્ષમા કરી,
કૈંક જો સારું લાગે તો પેખજો હરિનું લહી. ૪૩
હોંશે જે વાંચશે તેને ઊગો તે ભાવ અંતરે,
હાથ જોડી ઊંડા ભાવે લળી લળી સ્તવું હૃદે. ૪૪
આ વાંચવા થકી માત્ર એક ડગલુંયે પથે
-ખસી તે શકવા પાત્ર થતાં, કૃતાર્થ થૈશ તે. ૪૫
જેમણે જેમણે આમાં પ્રોત્સાહિત કર્યો મને,
આભાર તેમનો માનું ઊંડો, ભાવથી હું હૃદે. ૪૬
કદર જેમણે કીધી, આપ્યો સત્કાર જેમણે,
જેમણે કર્મ આ અર્થે કર્યું, નમું હું તેમને. ૪૭
રાગદ્વેષનું વિજ્ઞાન ક્યાંયે લખાયેલું ન છે,
લખાવ્યું જેમણે તેને નમસ્કારો હજાર છે. ૪૮
કેવા સદ્‌ભાવી મિત્રોએ આ પ્રકાશન તે થવા
-સાથ સક્રિય શો દીધો ! માનું શું ઉપકાર ત્યાં ! ૪૯
વિતરણની સંપૂર્ણ વ્યવસ્થાયે સ્વીકારી છે,
ખર્ચવા પરમાર્થે તે તેથી સ્‌હાય મળી મને. ૫૦
હરિએ એકથી એક એવાં જે સ્વજનો દીધાં,
જેમણે બોજ મારો તે માથે ઉપાડી સૌ લીધો ! ૫૧
ધન્ય ધન્ય હરિ મારો કેવું તે લક્ષ રાખીને,
મારું નીપેટતો કર્મ, કેવો પ્રત્યક્ષ છે મને ! ૫૨
બલિહારી હરિની તે વારંવાર હું ગાઈને,
-હરિના ભાવમાં મસ્ત ર્‌હેવા ચાહું છું જીવને. ૫૩

મળેલાંને કરું ભાવે પ્રાર્થના હું લળી લળી,
‘સહકાર હૃદે દેજો મને સંપૂર્ણ દિલથી.’ ૫૪

શરીર-અંત આઘો ના, તમારા પ્રેમભાવની
-હૂંફ ઓથની કેવી તે મારે જરૂરની ખરી. ૫૫

આપજો, આપજો પ્રેમે થૈ ન્યોછાવર ભાવથી,
ભાવને, ઊભરાવીને રેડજો ભાવ દિલથી. ૫૬

‘મળ્યાં’ જો જીવને છીએ ‘મળ્યાનો હેતુ પ્રીછીને
-ભાવ સમર્પતાં રહેજો’, એટલી પ્રાર્થના જ છે. ૫૭

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૨૦ :** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૦:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૦ :** ગૂજરાત વિદ્યાપીઠ પ્રવેશ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૨ :** 'મનને'ની રચના.

**૧૯૨૩ :** 'તુજ ચરણે'ની રચના તથા પ્રકાશન.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૪ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭ :** સાકુરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકુરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૨૮ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

**૧૯૩૪થી ૧૯૩૯** દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં છાણાંની ૬૩ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને ૨૮ દિવસની સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦:**દક્ષિણભારતનાકુંભકોણમ્‌માંકાવેરીનદીનેકિનારેહરિઃૐઆશ્રમનીસ્થાપના.

**૧૯૫૪**થીસુરતનાકુરુક્ષેત્રમાંએકઓરડીમાંમૌનએકાંતનોઆરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

॥ હરિ:ૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

# આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા ટેપવાણી | ૧૨ |
| ૪. | પ્રવચન વાણી | ૭ |
| ૫. | સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૨ |
| ૮. | જીવનકવન | ૧૧ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

## પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૬ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

## પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૩૨ |
| ૫. | હૃદયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |

| | |
|---|---|
| ૧૩. આર્તપોકાર | ૧૯૫૪ |
| ૧૪. અભ્યાસીને | ૧૯૬૭ |
| ૧૫. જિજ્ઞાસા | ૧૯૭૦ |
| ૧૬. ભાવ | ૧૯૭૧ |
| ૧૭. જીવનઝલક | ૧૯૭૧ |
| ૧૮. જીવનસૌરભ | ૧૯૭૧ |
| ૧૯. જીવનઅનુભવગીત | ૧૯૭૧ |
| ૨૦. જીવનસ્મરણ | ૧૯૭૧ |
| ૨૧. શ્રદ્ધા | ૧૯૭૧ |
| ૨૨. જીવનલહરી | ૧૯૭૧ |
| ૨૩. જીવનતપ | ૧૯૭૨ |
| ૨૪. જીવનરસાયણ | ૧૯૭૨ |
| ૨૫. જીવનઆહ્‌લાદ | ૧૯૭૨ |
| ૨૬. રાગદ્વેષ | ૧૯૭૨ |
| ૨૭. નિમિત્ત | ૧૯૭૨ |
| ૨૮. ગુણવિમર્શ | ૧૯૭૨ |
| ૨૯. જીવનસ્પંદન | ૧૯૭૩ |
| ૩૦. જીવનરંગત | ૧૯૭૩ |
| ૩૧. જીવનકથની | ૧૯૭૩ |
| ૩૨. જીવનસ્મરણસાધના | ૧૯૭૩ |
| ૩૩. જીવનમથામણ | ૧૯૭૩ |
| ૩૪. પ્રેમ | ૧૯૭૩ |
| ૩૫. મોહ | ૧૯૭૩ |
| ૩૬. કૃપા | ૧૯૭૩ |
| ૩૭. સ્વાર્થ | ૧૯૭૩ |
| ૩૮. શ્રીસદ્‌ગુરુ | ૧૯૭૩ |
| ૩૯. કર્મઉપાસના | ૧૯૭૩ |
| ૪૦. જીવનચણતર | ૧૯૭૪ |
| ૪૧. જીવનઘડતર | ૧૯૭૪ |
| ૪૨. જીવનપગદંડી | ૧૯૭૪ |
| ૪૩. જીવનકેડી | ૧૯૭૪ |
| ૪૪. ભાવકણિકા | ૧૯૭૪ |
| ૪૫. ભાવરેણુ | ૧૯૭૪ |
| ૪૬. ભાવજ્યોતિ | ૧૯૭૪ |
| ૪૭. ભાવપુષ્પ | ૧૯૭૪ |
| ૪૮. ભાવહર્ષા | ૧૯૭૫ |
| ૪૯. જીવનપ્રભાત | ૧૯૭૫ |
| ૫૦. જીવનપ્રવાહ | ૧૯૭૫ |
| ૫૧. મૌનાર્થીને માર્ગદર્શન | ૨૦૦૩ |

●

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રૂપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ થી ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

●

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | દાંપત્ય ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહૃદય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કૅન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |

•

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |
| ૩. | શ્રીમોટા સાથે હિમાલયયાત્રા | ૧૯૯૪ |
| ૪. | શ્રીમોટાની મહત્તા | ૧૯૯૫ |
| ૫. | મળાયું પણ ભળાયું નહિ | ૧૯૯૫ |
| ૬. | મળ્યા ફળ્યાની કેડી | ૨૦૦૧ |
| ૭. | મોટા - મારી મા | ૨૦૦૩ |

•

## સ્મૃતિગ્રંથ

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસ્ફુલિંગ | ૧૯૭૩ |

•

## સંકલિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનપરાગ | ૧૯૬૩ |
| ૨. | સંતવાણીનું સ્વાગત (તમામ પુસ્તકોની પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક) | ૧૯૭૭ |
| ૩. | અંતિમ ઝાંખી | ૧૯૭૮ |
| ૪. | વિધિ-વિધાન | ૧૯૮૨ |
| ૫. | સુખનો માર્ગ | ૧૯૮૩ |
| ૬. | પ્રાર્થના | ૧૯૮૪ |
| ૭. | લગ્ને હજો મંગલમ્ | ૧૯૮૫ |
| ૮. | નિરંતર વિકાસ | ૧૯૮૭ |
| ૯. | સમર્પણગંગા | ૧૯૮૯ |
| ૧૦. | જન્મમૃત્યુના રાસ | ૧૯૮૯ |
| ૧૧. | નામસ્મરણ | ૧૯૯૨ |
| ૧૨. | શ્રીમોટા અને શિક્ષણ | ૧૯૯૪ |
| ૧૩. | ફનાગીરીનો નિર્ધાર | ૧૯૯૬ |
| ૧૪. | પૂજ્ય શ્રીમોટા વચનામૃત ૧ થી ૪ (૧ પુસ્તક) | ૧૯૯૬ |
| ૧૫. | પ્રસન્નતા | ૧૯૯૭ |
| ૧૬. | ભગતમાં ભગવાન | ૨૦૦૦ |

| | | |
|---|---|---|
| ૧૭. | દુર્લભ દેહ મનુષ્યનો | ૨૦૦૭ |
| ૧૮. | દૈવાસુર સંગ્રામ | ૨૦૦૭ |
| ૧૯. | પ્રસાદી (ગુજરાતી) | ૨૦૦૮ |
| ૨૦. | પૂજ્ય શ્રીમોટાના બે બોલ (તમામ પુસ્તકોમાંથી લેખકના બે બોલનું સ્વતંત્ર પુસ્તક) | ૨૦૧૪ |
| ૨૧. | જીવનયોગ ભાગ ૧ અને ૨ | ૨૦૧૬ |
| ૨૨. | બુદ્ધિ | ૨૦૧૭ |

•

## જીવનકવન

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવન અને કાર્ય ભાગ-૧,૨ | ૧૯૭૫ |
| ૨. | પારસલીલા | ૧૯૭૫ |
| ૩. | તરણામાંથી મેરુ | ૧૯૭૬ |
| ૪. | વિદ્યાર્થી મોટાનો પુરુષાર્થ | ૧૯૮૯ |
| ૫. | મહામના અબ્રાહમ લિંકન | ૧૯૯૩ |
| ૬. | પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી | ૧૯૯૪ |
| ૭. | શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદા | ૧૯૯૬ |
| ૮. | ગોધરાના બાપજીનું જીવનચરિત્ર | ૧૯૯૮ |
| ૯. | મારી સાધનાકથા | ૨૦૦૫ |
| ૧૦. | પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ | ૨૦૦૫ |
| ૧૧. | જીવન સાર્થકતાની કેડીએ પૂજ્ય શ્રીમોટાના વહાલા 'ભાઈ' શ્રી નંદુભાઈની સંક્ષિપ્ત જીવનવિકાસગાથા ભાગ-૧ અને ૨ | ૨૦૨૦ |

•

## અન્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટાચરણે | ૧૯૭૦ |
| ૨. | બાળકોના મોટા | ૧૯૮૦ |
| ૩. | શ્રીમોટા ચિત્રકથા | ૧૯૮૭ |
| ૪. | આહુતિ મંત્ર અને આરતી | ૧૯૯૫ |
| ૫. | હરિઃૐ આશ્રમ શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ | ૧૯૯૬ |
| ૬. | કૃપાયાચના શતકમ્ | ૧૯૯૬ |
| ૭. | ધ્યેય અને ધ્યાન | ૨૦૦૦ |
| ૮. | ચિદાકાશ | ૨૦૦૦ |
| ૯. | પ્રાર્થના પોથી | ૨૦૧૦ |
| ૧૦. | શ્રીમોટા ઉપલબ્ધિ અને ઉપદેશ | ૨૦૧૪ |
| ૧૧. | શ્રીમોટા ચરણે આંતર પ્રવેશ | ૨૦૧૬ |
| ૧૨. | શ્રીમોટા ચરણે ત્રિભાષી (ગુ. હિં. અં.) | ૨૦૧૮ |
| ૧૩. | બધું આપણામાં જ છે | ૨૦૧૮ |
| ૧૪. | સમર્થ સદ્‌ગુરુ પૂજ્ય શ્રીમોટા | ૨૦૧૮ |

•

## हरि:ॐ आश्रम में उपलब्ध हिंदी पुस्तिका का लिस्ट

| क्रम | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | पूज्य श्रीमोटा एक संत | १९९७ |
| २. | कैंसर का प्रतिकार | २००८ |
| ३. | सुख का मार्ग | २००८ |
| ४. | दुर्लभ मानवदेह | २००९ |
| ५. | प्रसादी | २००९ |
| ६. | नामस्मरण | २०१० |
| ७. | हरि:ॐ आश्रम – श्रीभगवान के अनुभव का स्थान | २०१० |
| ८. | श्रीमोटा के साथ वार्तालाप | २०१२ |
| ९. | विवाह हो मंगलम् | २०१२ |
| १०. | बालकों के मोटा | २०१२ |
| ११. | विद्यार्थी मोटा का पुरुषार्थ | २०१२ |
| १२. | मौनमंदिर का मर्म | २०१३ |
| १३. | मौनमंदिर का हरिद्वार | २०१३ |
| १४. | मौनएकांत की पगडंडी पर | २०१३ |
| १५. | मौनमंदिर में प्रभु | २०१४ |

●

## હરિઃૐ આશ્રમમાં ઉપલબ્ધ અંગ્રેજી પુસ્તકોની યાદી. જાન્યુઆરી - ૨૦૨૦

**English books available at Hariom Ashram Surat.**
**January - 2020**

| No. | Book | F. E. |
|---|---|---|
| 1. | At Thy Lotus Feet (Tuj Charane) | 1948 |
| 2. | To The Mind (Man ne) | 1950 |
| 3. | Life's Struggle (Jeevan Sangram) | 1955 |
| 4. | The Fragrance of a Saint (Paraslila) | 1982 |
| 5. | Vision of Life - Eternal | 1990 |
| 6. | Bhava | 1991 |
| 7. | Nimitta | 2005 |
| 8. | Self-interest (Swarth) | 2005 |
| 9. | Inquisitiveness (Jignasa) | 2006 |
| 10. | Shri Mota | 2007 |
| 11. | Rites and Rituals (Vidhi-Vidhan) | 2007 |
| 12. | Naamsmaran | 2008 |
| 13. | Mota for Children (Balako na Mota) | 2008 |
| 14. | Against Cancer (Cancer ni Same) | 2008 |
| 15. | Faith (Shraddha) | 2010 |
| 16. | Shri Sadguru | 2010 |
| 17. | Human to Divine (Bhagat ma Bhagwan) | 2010 |
| 18. | Prasadi | 2011 |
| 19. | Grace (Krupa) | 2012 |
| 20. | I Bow at Thy Feet (Tuj Charane) | 2013 |
| 21. | Attachment and Aversion (Raag Dhwesh) | 2015 |
| 22. | The Undending Odyssey - My Experience of Sadguru Sri Mota's Grace | 2019 |

●

॥ હરિઃૐ ॥

હરિઃૐ



(અનુષ્ટુપ)

સદ્‌ભાવ સર્વ પ્રત્યેનો જીવંતો ટકતો દીસે,
રાગદ્વેષ પડ્યા મોળા એનું ધોરણ માત્ર તે.

સર્વ અણગમા, ઈર્ષ્યા ને અદેખાઈ ઓગળે,
રાગદ્વેષ પડ્યા મોળા તેનું લક્ષણ જાણજે.

જે તે પૂર્વગ્રહો સર્વ જતા ઓગળી લાગતા,
રાગદ્વેષ ઘટ્યા તેનું પ્રમાણ જાણવું તદા.

જે તે સર્વ બધાંનુંયે ખૂંચતું હોય તે બધું
-લાગે જ્યાં જતું, તેમ ઘટેલા જાણવું ખરું.

- શ્રીમોટા

*'રાગદ્વેષ', ચોથી આ., પૃ.૩૭*

કિંમત : રૂ. ૫/-